વીવેકપંથી

અંક ૭૦મો

જાન્યુઆરી ૨૦૦૮

તંત્રી : ગુલાબ ભેડા

કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩.

ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧

સીનેમામાં અંધશ્રદ્ધા

– યાસીન દલાલ

(ગતાંકથી ચાલુ)

આ બાબતમાં મહાન સર્જકો સત્યજીત રાય, રુત્વીક ઘટક અને ગુરુદત્ત જુદા પડે છે. રુત્વીક ઘટક ડાબેરી વીચારધારાવાળા હતા. સત્યજીત રાયે 'દેવી' નામની એક ફીલ્મ દ્વારા અંધશ્રધ્ધાનો પર્દાફાશ કર્યો હતો. એમની 'ગણશત્રુ'માં એક મંદીરની વાત છે.

મંદીરમાં એક તળાવ છે, જેમાં નહાવાથી રોગો મટી જાય છે એવી લોકવાયકા હતી. વાસ્તવમાં આ લોકવાયકાથી મંદીરના ટ્રસ્ટીઓ અને પુજારી પૈસા બનાવતા હતા. આ વાત સત્યજીત રાયે ખુલ્લા દીલે કહી છે. જો કે આ ફીલ્મ મુળ ઈલસનના નાટક 'એન એનીમી ઓફ ધી પીપલ' પરથી બની હતી. સત્યજીત રાયે નામનો પણ અનુવાદ કર્યો હતો.

હીન્દી ફીલ્મોમાં મોટેભાગે નાયક-નાયીકા એકબીજાના પ્રેમમાં પાગલ બનીને ફરે છે. ઝાડની આસપાસ ગીતો ગાતા હોય છે. ત્રણ મીનીટના ગીતમાં ત્રણસો વખત પહેરવેશ બદલે છે. એમનાં મા-બાપની વચ્ચે અમીર ગરીબની ખાઈ હોય છે. એમના માત્ર નામ જ હોય છે. મોટેભાગે નામ ગોપાલ, રાજુ અથવા શંકર હોય છે. નાયીકાનું નામ રાધા, ગીતા અથવા શારદા હોય છે. એમની અટક હોતી જ નથી. એ ક્યા પ્રાંતના છે એનો ખુલાસો પણ થતો નથી. મતલબ કે હીંદી ફીલ્મોમાં હીન્દુસ્તાન ક્યાંય નજરે પડતું નથી.

હીરો કે હીરોઈનના મકાન ભવ્ય હોય છે. અટક હોય તો પણ જમીનદારોની અટક હોય છે. કાં ચૌધરી કાં યાદવ. એમાં અપવાદરુપે વરસો પહેલા "ન્યુ દીલ્હી" અને શાંતારામની "તીન બત્તી ચાર રસ્તા" ગણાવી શકાય.

રંગીન ફીલ્મ "એક દુજે કે લીયે"માં પણ ઉત્તર અને દક્ષીણનો ઝઘડો હતો. પણ આ ઝઘડો કેન્દ્રમાં નહોતો. કેન્દ્રમાં તો પ્રેમ હતો. નાયીકા નાયકના પ્રેમમાં એટલી પાગલ હોય છે કે પ્રેમપત્ર બાળીને એના અવશેશો ચાના કપમાં નાખીને એ ગટગટાવી જાય છે. બાકીની ફીલ્મોમાં પાત્રોના પ્રદેશ કે જ્ઞાતીનો કોઈ ઉલ્લેખ આવતો જ નથી. ઉત્તર ભારતમાં આજે પણ આંતરજ્ઞાતીય લગ્ન કરનાર યુવક-યુવતીને જ્ઞાતીની પંચાયત જાહેરમાં સજા કરે છે અને એમને ઝાડની ડાળીએ લટકાવી દે છે. પણ વરવી વાસ્તવીકતા ફીલ્મોમાં ભાગ્યે જ દેખાય છે.

ગુજરાતી ફીલ્મો અંધશ્રદ્ધામાંથી બહાર નીકળી જ શકી નહી, પરીણામે એનું ઘોર પતન થયું

અત્યારની આપણી ફીલ્મો અને ટી.વી. સીરીયલો સત્યાનાશ વાળવાનું કામ કરી રહી છે.

ભુવા ભરાડીઓની વાત પણ ફીલ્મોમાં આવતી રહે છે. બીમલ રોયની ફીલ્મ 'મધુમતી'માં જહોની વોકર એક ભુવાને લઈ આવે છે. ભુવો યજ્ઞ કરે છે અને એનો ધુમાડો પાત્ર ઉપર છોડે છે. મુળ ફીલ્મ મધુમતી પુનર્જન્મની વાત છે. પ્રશ્ન એ છે કે બીમલ રોય જેવા કુશળ નીર્દેશકે આવી અંધશ્રધ્ધાની વાર્તા કેમ પસંદ કરી? જવાબ એ છે કે રુત્વીક ઘટક નશાના બંધાણી હતા. નશામાં પાયમાલ થયા પછી કલકત્તા છોડીને એ મુંબઈમાં બીમલ રોયને ઘરે રહ્યા. બીમલ રોયે એકવાર મહેણું માર્યું કે તું આખો દી' દારુ પીને પડયો રહે છે એને બદલે મારા માટે એક વાર્તા લખી આપ.

આર્ટ ફીલ્મો માટે મશહુર ઘટકે આવી અંધશ્રધ્ધા કેન્દ્રી વાર્તા લખી. સેટ ઉપર એમણે એકવાર ડંફાસ મારતાં કહ્યું કે બીમલ રોયનું મ્હેણું ભાંગવા મેં આ ભંગાર વાર્તા લખી આપી છે. આ પીક્ચર ચાર દીવસ પણ નહીં ચાલે. પણ એમની વાત ખોટી ઠરી. 'મધુમતી' ટીકીટબારી ઉપર સુપરહીટ ગયું. આમ અંધશ્રદ્ધાની એક વાર્તાને પ્રેક્ષકોએ ફેંકી દેવાને બદલે અપનાવી લીધી. આવી પુનર્જન્મની વાર્તા હીંદી ફીલ્મોમાં અનેકવાર આવી ચુકી છે. હજી પણ આવી ફીલ્મો બનતી જ રહે છે અને સમાજમાં અંધશ્રધ્ધારુપી પ્રદુશણ ફેલાવતી જ રહે છે.

'નાસ્તીક' નામથી બે ફીલ્મો આવી ગઈ છે. એક ફીલ્મીસ્તાનની હતી, જેનો નાયક નાયીકા અજીત અને નલીની જયવંત હર્ત. બીજી 'નાસ્તીક' રંગીન હતી અને એમાં હીરો અમીતાભ હતો. બંનેની વાર્તા એક જ હતી. શરુઆતમાં નાયક નાસ્તીક હોય અને પછી ચમત્કારો જોઈને આસ્તીક થઈ જાય. વાસ્તવીક જીવનમાં પ્રશ્નો પુછનાર કોઈપણ નાગરીક નાસ્તીક અથવા તો અજ્ઞેયવાદી જ હોય છે. પણ ધર્મગ્રંથોમાં દર્શાવેલા ભય અને લાલચથી એ ધાર્મીક થાય છે. દરેક નાગરીકના મનમાં પ્રશ્ન હોય જ છે, કે ભારતના ૯૯ ટકા લોકો ધાર્મીક છે. તેમ છતાં આપણો દેશ આટલો ગરીબ પછાત અને ગંદો કેમ ?

આપણી ફીલ્મોમાં સૌથી વધુ રેશનલ એટલે કે બુધ્ધીવાદી સંવાદ કયો ? જવાબ છે, અમીયા ચક્રવર્તીની ફીલ્મ 'દાગ'નો સંવાદ. ફીલ્મનો દીલીપકુમાર નાયીકા નીમ્મીને ચાહે છે. પણ એને દારુની લત છે. શહેરમાં જઈને તે કમાઈ આવે છે અને દારુની લત છોડી દે છે. છતાં નીમ્મીના પીતા નગદનારાયણ એને તરછોડીને કાઢી મુકે છે. ઘેર આવે છે ત્યારે એની મા ભગવાનની પુજા કરતી હોય છે. દીલીપ ઉશકેરાઈને એની માને કહે છે કે આ પથ્થરની મુર્તી આપણને કાંઈ નહીં આપે. આપણે ગરીબ છીએ. ભગવાનની કૃપા નગદનારાયણ જેવા ધનીક શેઠ ઉપર જ ઉતરે છે. આ મુર્તીને પુછ કે આપણે એનું શું બગાડયું છે ? તું એની પુજા દીવસ-રાત કરે છે છતાં તને શું મળ્યું?

નાયક અચાનક માંદો પડે કે અકસ્માત થાય ત્યારે દુર માવતર અથવા સાસરે બેઠેલી નાયીકાના હાથમાંથી પુજા અથવા ભોજનનો થાળ પડી જાય છે. આને ટેલીપથી કહે છે. વાસ્તવમાં ટેલીપથીનું કોઈ અસ્તીત્વ જ નથી. પણ ભાગ્યે જ કોઈ ફીલ્મ આના નીરુપણમાંથી બચી શકી છે. એટલે સુધી કે બીમલ રોયનું 'દેવદાસ' પણ આમાંથી બાકાત નથી. છેલ્લે દેવદાસ ટ્રેનમાં સફર કરતાં કરતાં ચુનીબાબુ સાથે દારુ પીએ છે ત્યારે દુર સાસરમાં રહેલી પારોના હાથમાંથી થાળ પડી જાય છે.

મોટાભાગના ફીલ્મ નીર્માતા ફીલ્મના નામની બાબતમાં પણ અંધશ્રધ્ધાળુ હોય છે. મહેબુબની મોટા ભાગની ફીલ્મોના નામ 'અ' થી શરુ થતાં. દા.ત. 'આન', 'અનમોલ ઘડી', 'એલાન', 'અમર', 'અનોખી અદા' વગેરે. છતાં 'અમર' નીશ્ફળ ગયું. નીર્માતા જે. ઓમપ્રકાશ પોતાની ફીલ્મોના નામ 'આ'થી શરુ કરતા દા.ત. 'આપ આયે બહાર આઈ', 'આયે દીન બહાર કે', 'આઈ મીલન કી બેલા', 'આપ કી કસમ', 'આન મીલો સજના' વગેરે.

નામના સ્પેલીંગમાં પણ એ લોકો અંકગણીતનો ઉપયોગ કરતા. સુભાશ ઘઈની ફીલ્મ 'કર્મ'નું નામ 'કરમા' થઈ ગયું. ફીલ્મ ઉદ્યોગમાં જ્યોતીશીઓ અને અંકશાસ્ત્રીઓની બોલબાલા રહે છે.

નીર્માતા મુશીર રીયાઝની ફીલ્મ 'મહેબુબા'ની વાર્તા પણ 'મધુમતી'ની જેમ જ પુનર્જન્મને લગતી હતી. પણ મધુમતી સફળ થઈ એટલી જ મહેબુબા નીશ્ફળ ગઈ. ફીલ્મ 'બીસ સાલ બાદ' પછી ઘણે વરસે ફીલ્મ 'બીસ સાલ પહેલે' બની. એમાં ડીમ્પલ કાપડીયા હતી. પણ આ ફીલ્મમાં પણ જન્મ-પુનર્જન્મની વાર્તા હતી.

ગુજરાતી ફીલ્મોની વાત કરીએ તો લગભગ દરેક ગુજરાતી ફીલ્મ અંધશ્રધ્ધાની ઉરાંગપટાંગ વાતોથી છલકતી હોય છે. કારણ કે એમની વાર્તા કાં ધાર્મીક હોય છે અને કાં સૌરાશ્ટ્રની લોકકથા ઉપર આધારીત હોય છે. મોટાભાગની લોકકથાઓ ચમત્કારોથી ભરપુર હોય છે. પછી એ 'જેસલ-તોરલ'

હોય, કે 'સદેવંત સાવળીંગા' હોય, 'રાણકદેવી' હોય કે 'કુંવરબાઈનું મામેરું' હોય, 'કાદુ મકરાણી' હોય કે 'જોગીદાસ ખુમાણ' હોય એ જ રીતે ધાર્મીક વાર્તાવાળી 'માં એવરત જીવરત' હોય કે 'સત્યવાન સાવીત્રી' હોય, ગુજરાતી ફીલ્મો અંધશ્રદ્ધામાંથી બહાર નીકળી જ શકી નહીં. પરીણામે એનું ઘોર પતન થયું. અત્યારે વરસે માંડ છ થી આઠ ફીલ્મો ગુજરાતીમાં બને છે. ભુતકાળમાં 'મંહેદી રંગ લાગ્યો', 'કંકુ', 'ભવની ભવાઈ' અને 'અખંડ સોભાગ્યવતી' જેવા પ્રયોગો થયા છે અને સફળ પણ થયા છે. પણ હજી ગુજરાતી સીનેમા માનસીક પ્રદુશણમાંથી મુકત થઈ શકી નથી.

એકંદરે આપણી ફીલ્મો શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ભેદ પારખી શકી નથી. કોઈપણ ફીલ્મ પુજાના દ્રશ્ય વગરની હોતી જ નથી. નાયક-નાયીકા મોટેભાગે ઘરથી ભાગી જઈને મંદીરમાં લગ્ન કરે છે. હીંદી ફીલ્મના નીર્માતાઓને કદાચ ખબર નથી કે ભારતમાં બીનસાંપ્રદાયીક લગ્ન એટલે કે સીવીલ મેરેજની પણ સગવડ છે. માત્ર ગુરુદત્તે ફીલ્મ 'મીસ્ટર એન્ડ મીસીસ પપ'માં નાયક-નાયીકાને સીવીલ મેરેજ કરતાં બતાવ્યાં હતાં.

સીનેમાની શોધ ૧૮૯૫માં લુમીયરે બ્રધર્સે કરી હતી. મેલીસ નામના જાદુગરે એમનો મુવી કેમેરા ઉછીનો માંગ્યો ત્યારે લુમીયરે એને કહ્યું હતું કે આ કેમેરો તને અમે નહીં આપીએ, કારણ કે આ એક ખતરનાક સાધન છે. એનો સદુપયોગ કરીએ તો સમાજમાં ક્રાંતી થઈ જાય અને દુરુપયોગ કરીએ તો સમાજનું સત્યાનાશ નીકળી જાય. અત્યારે આપણી ફીલ્મો અને ટી.વી. સીરીયલો સત્યાનાશનું કામ કરી રહી છે. "સાંસ ભી કભી બહુ થી" ના લગભગ દરેક એપીસોડમાં પુજા હોય જ છે. નાયકને કોઈ કંપનીનો નવો કોન્ટ્રેકટ મળે એટલે તરત ઘરમાં પુજા થાય અને દસ-વીસ પુરોહીતોને બોલાવાય.

હીંદી ફીલ્મોમાં ભગવાનનો ઉપાલંભ પણ થયો છે અને એને પડકાર પણ અપાયો છે. મદ્રાસની ફીલ્મ 'બહાર'નું એક ગીત આ પ્રમાણે છે.

ભગવાન દો ઘડી જરા ઈન્સાન બનકે દેખ
ધરતી પર ચાર દીન કભી મહેમાન બનકે દેખ

એજ રીતે એકાવન-બાવનની ફીલ્મ 'પરદેશ'માં એક ગીતના શબ્દો છે.

કીસ્મત બનાનેવાલે જરા સામને તો આ
મૈં તુજકો યે બાતઉ કે દુનીયા તેરી હૈ ક્ય

જો કે સાહીર લુધીયાનવીએ ફીલ્મ "વાસના" માં ગર્જના કરી હતી :
"સલ્તનત જુલ્મ, ખુદા વહેમ ઔર મુસીબત હૈ સમા"

[યાસીનભાઈ, આગળ વધો. અમે તમારી રાહ જોઈએ છીએ – વીવેકપંથીના વાચકો]

૨૧મી સદીના વીકાસ પથની ધરી કલાઈમેટ ચેન્જ : ગ્લોબલ વોર્મીંગ

– રજની દવે

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણે આજકાલ કલાઈમેટ ચેન્જ, (આબોહવામાં પરીવર્તન) અને વૈશ્વીક તાપમાન ગ્લોબલ વોર્મિંગ તેની અસરો અને તે અસરોથી બચવા લેવા જેવા પગલાં અંગે ઘણી બધી ચર્ચા ચાલી રહી છે.

વીશ્વના વધતા તાપમાનની ઘણી માઠી અસરો વીકાસશીલ દેશો પર પડવાની છે. વરસાદની વધઘટ, દરીયા કીનારાના વીસ્તારો પર ચક્રવાતોની અસર, અન્ન ઉત્પાદનમાં ઘટાડો, આરોગ્ય પરની માઠી અસરો, જળપ્રાપ્તીની સમસ્યા જેવાં કેટલાંક પરીવર્તનો સામે ટકવા આર્થીક રીતે નખળા દેશોને પ્રતી વર્ષ આશરે ૫૦ અબજ ડોલરની જરૂર પડવાની છે. આંતરરાશ્ટ્રીય સ્તરે કાર્યરત ઓક્સફામ સંસ્થાનો અહેવાલ જણાવે છે કે વીશ્વના તવંગર દેશોએ આ ખર્ચ ઉપાડી લેવો

પર્યાવરણીય સમસ્યા ઘેરી ચીંતાનો વીશય

પર્યાવરણીય સમસ્યાનો સામનો કરવા માટે યુધ્ધના ધોરણે તૈયારી કરવાની જરુર છે. કલાઈમેન્ટ ચેન્જને કારણે દુશ્કાળ, પુર, બીમારીઓ અને કૃશી ઉત્પાદનમાં ઘટાડાથી જેટલા મોટા પાયે મૃત્યુ થવાનો ડર છે. એટલાં મૃત્યુ તો પૃથ્વી પર આજ સુધી થયેલાં યુદ્ધોમાં પણ થયાં નથી.

– બીટુ સહગસ
(પ્રખ્યાત પર્યાવરણવીદ)

જોઈએ. અમેરીકાએ ૪૪%, જાપાને ૧૩% અને યુરોપીયન યુનીયન (E.U.) એ ૩૧% જેટલો ખર્ચ ભોગવી વીકસીત દેશોએ વાતાવરણમાં અત્યાર સુધી છોડેલા ગ્રીનહાઉસ ગેસીસ (GHG)ના પ્રમાણમાં આ ખર્ચની વહેંચણી કરવામાં આવી છે. આમ વીશ્વસ્તરે ગ્રીનહાઉસ ગેસ છોડવામાં ઘટાડો કરીને જીવોની વાત ઉજાગર કરવામાં આવી રહી છે અને અન્યએ મોટી આર્થીક મદદ કરીને જીવવા દોની વાત કરવામાં આવી રહી છે. આમ નવા સ્વરુપે 'જીવો અને જીવવા દો' – live and let live નો મંત્ર ભવીશ્યમાં ઉજાગર કરવો પડશે.

સમગ્ર વીશ્વની જનતા જાણે એક સ્ટીમરમાં સહપ્રવાસ કરી રહી હોય અને તેને સળગતી બચાવવા માટે સામુહીક પ્રયત્ન કરવાની તાતી જરૂર પડી હોય તેવું ચીત્ર આજે દેખાઈ રહ્યું છે. ગરીબ–તવંગર સૌ કોઈએ આમાં સહયોગ આપવો જ પડશે. એક સામુહીક સાધનાનો વીશાળ આયામ ખુલી રહ્યો હોય તેમ લાગે છે. વ્યક્તીગત ધોરણે જીવનમાં પરીવર્તન લાવવું પડશે. સામુહીક ધોરણે આયોજનબધ્ધ નવાં માળખાં ઉભાં કરવાં પડશે. U.N.ના સેક્રેટરી જનરલ બાનદી મુન જણાવે છે કે વીશ્વમાં આપણે ત્રણ મોટાં આર્થીક પરીવર્તનોનો વીચાર કરી શકીએ

૧. ઔદ્યોગીક ક્રાંતી દરમીયાન થયેલું આર્થીક પરીવર્તન.

૨. આધુનીક જમાનામાં ટેકનોલોજીએ સર્જેલું આર્થીક પરીવર્તન, જેમાં ગ્લોબલાઈઝેશનની પ્રક્રીયાએ તેને ઝડપી બનાવ્યું.

૩. અત્યારે આપણે એક નવા પ્રકારના અર્થતંત્રના પરીવર્તનના દ્વાર પર ઉભા છીએ. જેને ગ્રીન ઈકોનોમીકસ કહી શકીએ.

વીશ્વે આગામી સમયમાં વીકાસનો રોડમેપ બનાવતાં પહેલાં, વીવીધ દેશોમાં પ્લાનીંગના આંકડા મુકતાં પહેલાં, શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસક્રમ તૈયાર કરતાં પહેલાં, સંશોધન સંસ્થાઓમાં R & Dના વીષયો પસંદ કરતાં પહેલાં આપણે આપણી દ્રષ્ટી ગ્રીનવીઝન માટે, ગ્રીન પ્લાનિંગ માટે, ગ્રીન ટેકનોલોજી માટે, ગ્રીન લાઈક માટે, ગ્રીન લાઈક સ્ટાઈલ માટે કેળવવી પડશે. આંધળા ઔદ્યાગીક વીકાસે સર્જેલી જળવાયુ પરીવર્તનની ભુતાવળને આપણી નજર સમક્ષ રાખવી પડશે.

જો આપણે તે દીશાનાં પગલાં નહીં ભરીએ તો વીશ્વના છેવાડાના ૪૦% લોકો જેની સંખ્યા ૨ અબજ ૬૦ કરોડ જેટલી થાય તેમનું ભાવી અંધકારમય હશે.

મોસમ પરીવર્તનનો વીશય ગરીબી સાથે સંકળાયેલો વીશય છે. અમારે મતે તે સામાજીક ન્યાયનો વીશય છે, માનવ અધીકારનો વીશય છે. ક્લાઈમેટ ચેન્જના કારણે જે પરીવર્તનો આવશે – દોડાપુર, દુષ્કાળ, આરોગ્યના પ્રશ્નો, પાણીના પ્રશ્નો સર્જાશે, તેનો સૌથી વધુ ભોગ ગરીબો બનશે, જેમાં શ્રમજીવી વર્ગ, માલધારીઓ, ખેડૂતો, માછીમારો, આદીવાસીઓ અને દલીતો હશે.

કેટલાક લોકો ક્લાઈમેટ ચેન્જ – ગ્રીનહાઉસ ગેસીસના પ્રશ્નને માર્કેટના માધ્યમ દ્વારા ઉકેલવા માંગે છે. જે કાર્બન ટ્રેડીંગના નામે જાણીતું બન્યું છે. એક પૈસા છે જે અન્ય પાસેથી હવામાં ગ્રીન હાઉસ છોડવાના હકની બચત ખરીદી લેવા માંગે છે. કેટલાક લોકો ટેકનોલાજી દ્વારા ઉકેલવા માંગે છે, જેમાં ગ્રીન હાઉસ ગેસને સલામત સ્થળે ધરબી દેવા માંગે છે. આ બધા પ્રશ્નો પર આપણે વીચાર કરવો પડશે. માલેતુજાર લોકો વંચીતોના હકને પૈસાના જોરે હડપ કરી જાય અને નવા પ્રકારનું 'ગ્રીન શોશણ', ગ્રીન પોલીટીક્સ ન બેસે તે પણ જોવું પડશે.

સર્વોદય પ્રેસ સર્વીસ યોજે છે
ક્લાઈમેટ ચેન્જ – ગ્લોબલ વોર્મીંગ સંમેલન

જાન્યુઆરી ૨૦૦૮માં તા. ૩૦ અને ૩૧ના રોજ ગુજરાત વીદ્યાપીઠ ખાતે ક્લાઈમેટ ચેન્જ : ગ્લોબલ વોર્મીંગ અંગેનું સંમેલન યોજાઈ રહી છે, જેમાં શક્ય તેટલા નીશ્ણાતોને વક્તા તરીકે આમંત્રણ અપાશે. વીશયમાં રસ ધરાવતા મહાવીદ્યાલયના વીદ્યાર્થીઓ, સામાજીક કાર્યકરો, વીજ્ઞાન શીક્ષકો, અર્થશાસ્ત્રમાં રસ ધરાવનારા, ગરીબી અને શોશણમુક્ત સમાજની નવરચનાને ઝંખનારાઓ સૌ કોઈ આમાં ભાગ લઈ શકે છે. આશા છે કે વક્તાઓ ગુજરાતી, હીન્દી અને ક્યાંક જરુર પડે ત્યાં અંગ્રેજીમાં પોતાના પ્રવચનો આપશે. સંમેલનમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા મીત્રોએ પત્ર દ્વારા ગુજરાત સર્વોદય મંડળ, બાઈબલ ખંડ સામે, ગુજરાત વીદ્યાપીઠ, અમદાવાદ–૧૪.
ફોન ૦૭૯–૨૭૫૪૧૧૫૪ પર જાણ કરવી.

સ્થળ: શીક્ષણ મહાવીદ્યાલય ઉપાસના ખંડ, ગુજરાત વીદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ –૧૪

તા. ૩૦–૩૧ જાન્યુઆરી, ૨૦૦૮
પહેલા દીવસ સવારે ૯ થી બીજા દીવસ સાંજ સુધી
(રજીસ્ટ્રેશન–સવારે ૮ થી ૯–૩૦ જાન્યુઆરીના રોજ)

વાસ્તવીક જ્ઞાનનો આધાર માત્ર વીજ્ઞાન અને વૈજ્ઞાનીક પધ્ધતી છે

– ધવલ મહેતા

સીક્યુલર રાજ્ય – ધાર્મીક સમાજ

ભારતનું રાજ્ય સીક્યુલર ગણાય છે. પરંતુ દેશના મોટા ભાગના લોકોનું જગતને જોવાનું દ્રષ્ટીબીંદુ ધાર્મીક છે. આને આપણે 'રીલીજીયસ વ્યુ ઓફ ધ વર્લ્ડ ઓર્ડર' ગણી શકીએ. આ પ્રકારનું ધાર્મીક દ્રષ્ટીબીંદુ જગતને દૈવીશક્તીની ભેટ ગણે છે અને તેથી જગતના તત્ત્વોને પુજાલાયક ગણે છે. આની સામેનું રેશનલ દ્રષ્ટીબીંદુ એવો દાવો કરે છે કે દેવ અથવા દૈવી તત્ત્વો માનવની કલ્પનાશક્તીની પેદાશ છે.

આમાં સાચું શું છે અને શું નથી તે ધાર્મીક પદ્ધતીથી ખોળી શકાય નહીં. ધ્યાન, યોગ, પુજા કે અર્ચના મનને શાંતી આપી શકે, પણ સત્યને શોધી શકે નહીં. સત્યને ખોળવાનો એકમાત્ર રસ્તો વીજ્ઞાન અને રેશનાલીટી છે. સામાજીક પ્રગતીનો આધાર પણ પરંપરાઓ કે રીતરીવાજો નથી, પરંતુ વીજ્ઞાન અને તેની પધ્ધતીનો સમાજજીવનમાં ઉપયોગ છે.

રેશનલ ધર્મ–એક વીરોધાભાસ

શું કોઈ ધર્મ રેશનલ હોઈ શકે ? વીજ્ઞાન તેનો જવાબ 'ના'માં આપે છે, કારણ કે ધર્મ શ્રધ્ધા પર ટકેલો હોય છે અને ધાર્મીક સત્યોની ચકાસણી થયેલી હોતી નથી. વળી કેટલાક ધર્મો આત્મા, પરમાત્મા, પુનર્જન્મ, ઈશ્વરસાક્ષાત્કાર, મોક્ષ, કયામત, સ્વર્ગ, નર્ક, જન્નત વગેરેના વીચારો પર ઉભા હોય છે, જેની ચકાસણી જ શક્ય નથી. આવા જુઠાણા પર આધારીત ધર્મ માનવજાતને કેમ આટલો બધો આકર્શે છે તે એક અણઉકેલાયેલો કોયડો છે. શું માનવમગજમાં જ ધર્મનું 'વાયરીંગ' થયેલું છે કે ધર્મ તેનું જેનેટીક બંધારણ છે તેવા પણ સવાલો વૈજ્ઞાનીકોએ ઉઠાવેલા છે. વળી અત્યારસુધી નૈતીકતા પર ધર્મનો ઈજારો રહ્યો છે તેની સામે પણ પડકારો થઈ રહ્યા છે.

ધર્મ આધારીત નૈતીકતાએ સમાજને બંધીયાર બનાવી દીધો છે અને તેણે સાધુસંતો, મૌલવીઓ, મહંતોને લોકો પર અપાર સત્તા આપી છે. આ સાધુસંતો, મૌલવીઓ, મહંતો અને પાદરીઓએ વ્યક્તી તથા સમાજ માટે સાચું શું અને ખોટું શું તેનો નીર્ણય કરે છે. તેઓને એવો કોઈ અધીકાર નથી. પરંતુ સમાજના રુઢીચુસ્તો તેમને આદર આપે છે, તેમના ધાર્મીક તથા ધર્મઘેલા જરીપુરાણા તથા જડ વચનોને સાચા માને છે અને લોકોનું સમર્થન તેમને સત્તા બક્ષે છે. ખરી રીતે એવા મૌલવીઓ કે સાધુઓ પાસે કોઈ કાયદાકીય સત્તા હોતી નથી તેમ છતાં તેઓ અનુયાયીઓની અંધશ્રધ્ધાને જોરે લોકો પર તથા સમાજપર સત્તા ભોગવે છે અને તેઓમાં ફતવા કાઢવાની હીંમત આપે છે.

આજે ધર્મ આધારીત નૈતીકતાની નહી, પણ તર્ક આધારીત નૈતીકતાની જરુર છે.

આપણને આજે ધર્મઆધારીત નૈતીકતાની નહી, પણ તર્ક આધારીત નૈતીકતા (રેશનલ એથીક્સ)ની જરુર છે. આ પ્રકારનું રેશનલ એથીક્સ માનવ સમાજને વધુ ન્યાયી (જસ્ટ) બનાવે તેવો સંભવ છે.

વીજ્ઞાન અને વાસ્તવીકતા (રીયાલીટી)

શું વીજ્ઞાન વધુ સમજાવી શકે છે ? તે વધુ સમજાવી શક્તું નથી, પણ ભવીશ્યમાં અત્યારથી ઘણું વધારે સમજાવી શકશે. તેનો સમજણનો વીસ્તાર વધતો જાય છે અને ધર્મનો નક્કર જ્ઞાન આપવાનો વીસ્તાર ઘટતો જાય છે. વીજ્ઞાન કોઈપણ વસ્તુને કાર્ય–કારણની ભાશામાં સમજાવે છે અને તે માટે પુરતા પુરાવા આપે છે વૈજ્ઞાનીક પધ્ધતી માનવ રેશનાલીટીનું ચરમ બીંદુ છે. વૈજ્ઞાનીક દાવાને કોઈપણ ચકાસી શકે છે.

ધર્મ પોતાના દાવા એવી રીતે રજુ કરે છે કે તેની ચકાસણી જ શક્ય નથી. દા.ત. ધર્મ કહે છે કે તમે પુણ્ય કરશો તો મૃત્યુ બાદ સ્વર્ગમાં જશો અથવા મૃત્યુ વખતે તમારો આત્મા પરમાત્મામાં ભળી જાય છે કે શ્રાધ્ધાના સમયે તમે કરેલું દાન તમારાં પુર્વજોને પહોંચે છે, કે સ્ત્રી કડવાચોથ કરે તો પતીનું આયુશ્ય વધે છે. આ બધા દાવાને ચકાસી શકાય તેમ નથી, કારણ કે સ્વર્ગ, મોક્ષ, પરલોક, પરમાત્મા વગેરેની વ્યાખ્યાઓ સ્પશ્ટ નથી કે અનુભવસીધ્ધ નથી. આથી એવા વીધાનોને ગપગોળા ગણવા જોઈએ.

વળી જગતની કે બ્રહ્માંડની તથા તેના પદાર્થોની મુળભુત વાસ્તવીકતા (રીયાલીટી) શું છે તેની વ્યાખ્યા કરવાનો અત્યાર સુધી આધ્યાત્મનો ઈજારો હતો. હવે વીજ્ઞાને તેનો ઈજારો તોડી નાખ્યો છે. વીજ્ઞાન આ પ્રકૃતીને

કે બ્રહ્માંડને કે તેમાં બનતા બનાવોને માયા માનતું નથી. વીજ્ઞાન હજી આ બ્રહ્માંડની વાસ્તવીકતાને સમજવા પ્રયત્નો કરે છે.

બ્રહ્માંડની, પૃથ્વીની કે તારાઓની ઉત્પત્તી, વીકાસ વગેરે વીશે સંશોધનો ચાલુ છે અને તેમાંથી નવા નવા સત્યો બહાર આવે છે. આ વીજ્ઞાન આધારીત શોધો હજારો વર્શો સુધી ચાલુ રહેશે. એ શોધોનો આધાર એટલો બધો નક્કર છે કે બ્રહ્માંડ તથા પૃથ્વીની ઉત્પત્તી વીશે કશું પણ વીધાન કરવામાં ધર્મો થાપ ખાઇ ગયા છે અને સાધુ મહાત્માઓ અને મૌલવીઓ મુંઝાઇ ગયા છે. તેઓ હવે કયે મોઢે રાહુ-કેતુની વાતો, સુર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ સમજાવવા કરે ?

એક જૈન સાધુએ તો વળી એવું જાહેર કર્યું છે કે માનવી ચંદ્ર પર પહોંચ્યો જ નથી. કેટલાક ધાર્મીકો એવું કબુલ કરે છે કે જગત માયા નથી, તથા જગતની વાસ્તવીકતા (રીયાલીટી) એ માત્ર માનવમનની પેદાશ નથી. વાસ્તવીકતા એક હકીકત છે અને તે માનવ ઇન્દ્રીયોનું છળકપટ નથી, પરંતુ સાથે સાથે તેઓ એવો દાવો કરે છે કે માનવીનું વીજ્ઞાન સાચી વાસ્તવીકતાને કદાપી સમજાવી શકશે નહી. તે માનવીની સમજની બહાર જ રહેશે અને માત્ર સાધુ મહત્માઓ જ અંતર્જ્ઞાનથી કે યોગથી તેને સમજી કે સમજાવી શકશે. વીજ્ઞાન એ દાવાને નકારે છે અને કહે છે કે પ્રકૃતીને સમજવા કે જાણવા માટેનું એકમાત્ર સાધન વીજ્ઞાન છે, કારણ કે વીજ્ઞાન સાબીતી પર આધાર રાખે છે તેના સીધ્ધાંતો સાર્વજનીક છે અને તેની જાહેર ચકાસણી થઇ શકે તેમ છે.

આની વીરુદ્ધ ધર્મ અને ધાર્મીક સંસ્થાઓ ન્યાયી સમાજની આડે આવે છે. આ સ્થાપીત હીતો અને તેમની રક્ષક વીચારસરણી આ માનવસમાજને ન્યાયપુર્ણ બનાવતાં રોકે છે. આવા જડ ધાર્મીક અને આર્થીક હીતોની સમાજ પરની પકડ કેવી રીતે તોડવી તે એક મોટી સમસ્યા છે. સમાજવાદે અને સામ્યવાદે તે પ્રયત્નો કર્યા, પરંતુ તે નીશ્ફળ ગયા. સામ્યવાદમાં પણ પક્ષનાઓ સરકારી અમલદારીના સ્થાપીત હીતોએ સમાજને ન્યાયપુર્ણ થતાં રોક્યો. માનવસમાજ અત્યારની મુડીવાદી વીચારસરણીને બદલે કોઇ અન્ય ન્યાયપુર્ણ વીચારસરણી કેમ અપનાવતો નથી તે પણ એક કોયડો છે.

આધુનીક દ્રશ્ટીબીંદુ

જગતને જોવાનું આધુનીક દ્રશ્ટીબીંદુ વીજ્ઞાનની બે થીયરીઝ (સીદ્ધાંતો) પર આધારીત છે. નીર્જીવ પદાર્થો માટેની એરોમીક થીયરી (પાર્ટીકલ ફોમેક્સ) અને સજીવ પદાર્થો માટે નો ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદનો સીદ્ધાંત. માનવચેતના (કોન્સીયસનેસ) વૈજ્ઞાનીકો માટે હજી કોયડો છે. પરંતુ તે પણ આ સીધ્ધાંતોને આધારે ઉકેલી શકાશે તેવી વૈજ્ઞાનીકોને આશા છે. અલબત્ત. નવા તથ્યો અને હકીકતો ઉપરની બંને થીયરીઝને તોડી શકે છે, પરંતુ અત્યારે આ બંને થીયરીઝના આધારરુપ એટલા બધા પુરાવા છે કે હાલ પુરતું તેમને માનવસમાજે માન્ય રાખવી પડશે.

માનવ સમાજે અન્ય પ્રાણીઓની સરખામણીમાં જે કંઇ પ્રગતી કરી છે તેનો આધાર સાબીતી આધારીત જ્ઞાન છે. માનવ ઉત્ક્રાંતી માટે આવું સાબીતી આધારીત (એટલે કે અનુભવ આધારીત અને વીજ્ઞાન આધારીત-જ્ઞાન જરુરી છે, તે આપણને ઉત્ક્રાંતીનો લાભ (ઇવોલ્યુશનરી એડવાન્ટેજ) બક્ષે છે. સતત બદલાતા જગતની સાથે અનુકુલન સાધવા (એડપ્ટેશન) માટે ધર્મનું કે ધાર્મીક ગ્રથોનું કપોળકલ્પીત જ્ઞાન નહી, પરંતુ વીજ્ઞાન આધારીત જ્ઞાનની જરુર રહે છે.

કરોડો વર્શોથી જીવતી કીડીઓ, મગર કે માછલીઓએ કે ઉધઇએ ધર્મ ઉભો કર્યો નથી અને છતાં તેઓ હયાત છે. તો માનવજાતે કેમ ધર્મ ઉભો કર્યો !

એક જમાનામાં જગતના ધર્મોએ વાસ્તવીકતાને સમજવા માટે જ્ઞાન ઉભું કર્યું હતું. જગતના ધર્મોએ પણ વીજળી, સુર્ય, વરસાદ, બ્રહ્માંડની ઉત્પત્તી, મૃત્યુ, જન્મ, પરમેશ્વર વગેરે વીશે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને તેના જવાબો પામવાના પ્રયત્નો કર્યા હતા. તેનો આધાર માનવ સમાજની કુતુહલવૃત્તી (ક્યુરીઓસીટી) હતી. માનવસમાજે કુદરતી તત્વોની અનીશ્ચીતતા સમજવા અને એ ઓછી કરવા માટે ધર્મ ઉભો કર્યો હતો તે વખતે વૈજ્ઞાનીક પધ્ધતી શોધાઇ ન હતી તેથી તે જવાબો 'સ્પેક્યુલેટીવ' હતા. આથી ઘણા એમ માને છે કે પુરાણા જમાનામાં ધર્મ એક પ્રકારનું વીજ્ઞાન જ હતું, કરાણકે તેમાં માનવ-સમાજથી સમજી ના શકાય તેવા પ્રશ્નોનો જવાબ આપવાનો પ્રયત્ન થયો હતો. પરંતુ વૈજ્ઞાનીક પદ્ધતી નીશ્ચીત થતાં ધર્મે આપેલા જવાબો કાલગ્રસ્ત સાબીત થઇ ચુક્યા છે.

કરોડો વર્શથી જીવતી કીડીઓ મગર કે માછલીઓએ ધર્મ ઉભો કર્યો નથી અને છતાં હયાત છે.

તેમ છતાં ધર્મગુરુઓનો સમુદાય શ્રધ્ધા આધારીત માન્યતાઓને પોતાના હીતો ખાતર ચાલુ રાખવા

માંગે છે. એક માન્યતા એવી છે કે માનવીને સૌથી વધુ ડર મૃત્યુનો લાગે છે અને જગતના તમામ ધર્મો અજરામર આત્માના તથા પ્રેમાળ પરમાત્માના વીચાર દ્વારા લોકોને આશ્વાસન આપે છે. માનવજીવનમાં જ્યાં સુધી મૃત્યુનો ડર રહેશે, ત્યાં સુધી ધાર્મીક માન્યતાઓ ટકી રહેશે તેવું ઘણા માને છે. પરંતુ તેની સામેની દલીલ એવી છે કે ગાય, માછલી, કુતરો, મગર, સાપ વગેરેને પણ મૃત્યુનો ડર લાગે છે તો તેઓએ કેમ ધર્મ ઉભો કર્યો નથી.

ધાર્મીક માન્યતાઓની તરફેણમાં દલીલ

વીજ્ઞાનની પ્રગતી છતાં ધર્મનું અસ્તીત્વ કેમ ટકી રહ્યું છે તે માટેની એક મજબુત દલીલ રોજર ટ્રીગ્ઝ નામના બ્રીટીશ ફીલોસોફરે તેમના 'રેશનાલીટી એન્ડ સાયન્સ' (બ્લેકવેલ પબ્લીશર્સ–૧૯૯૩) નામના પુસ્તકમાં કરી છે. તેમની દલીલ નીચે મુજબની છે :

માનવીય રેશનાલીટીનો ઉદ્‌ભવ ડાર્વીને શોધેલી નેચરલ સીલેકશનની પ્રક્રીયામાંથી થયો છે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. પરંતુ આપણી ઘણી માન્યતાઓ – ખાસ કરીને વૈજ્ઞાનીક માન્યતાઓ – આપણા જીન્સે ઉભી કરેલી નથી. ખાસ પરીસ્થીતી બદલાતાં આપણા જીન્સ પણ બદલાય છે. આ બદલાતા જતા જીન્સે પણ આપણી વૈજ્ઞાનીક માન્યતાઓ ઉભી કરી નથી. તે માનવના કલ્ચરે કે સામજે ઉભી કરી છે. માનવ જીન્સ અથવા કોઈપણ જીવંત પદાર્થના જીન્સના માત્ર બે જ કાર્યો છે. ટકી રહેવું. સંતતી દ્વારા જીન્સનુ ઉત્પાદન કરવું. આને આપણે જીન્સનું સર્વાઈવલ અને રીપ્રોડકશન કહી શકીએ. આ માટેનું માનવ જીન્સે અનુકુળ માનવીય વર્તન ઉભું કર્યું છે. પરંતુ આ માનવીય વર્તનને સત્યની શોધ સાથે કોઈ સંબંધ નથી. વીજ્ઞાન સત્યની શોધ કરે છે. પરંતુ આજનું વીજ્ઞાન સમસ્ત માનવજાતનો નાશ કરવાને આરે આવીને ઉભું છે ત્યારે વૈજ્ઞાનીક સત્યની શોધ માનવ ઉત્ક્રાંતીની દ્રષ્ટીએ અત્યંત જોખમભર્યું કૃત્ય ગણી શકાય.

આપણી ઘણી ભ્રામક માન્યતાઓ માનવજાતનાં લાભમાં હોઈ શકે છે. પશ્ચીમ જગતના સોશીયો–બાયોલોજીસ્ટસ્ જેઓ માનવસમાજ અને માનવ જીવન વચ્ચે પ્રત્યક્ષ સંબંધો ખોળવા પ્રયત્નશીલ છે અને જેઓ નાસ્તીક છે તેઓ પણ માને છે કે આપણી ધાર્મીક માન્યતાઓ ભલે ભ્રામક અને ખોટી હોય, પરંતુ માનવજીવનને ટકાવવા માટે લાભકારી હોઈ શકે છે. તેનું શું કારણ ? માનવધર્મો તેમના અનુયાયીઓને પરોપકાર (આલ્ટ્રયુઈઝમ) કરવા તરફ પ્રેરે છે. આથી ઘણા ગરીબ તથા કંગાળ કે આળસુ માણસોનું પણ જીવન ટકી જાય છે અને તેઓ પોતાના જીનને સંતાનો મારફત રીપ્રોડયુસ કરે છે. તેથી માનવજીવનનો જથ્થો (જેનેટીક પુલ) સુરક્ષીત રહે છે. આમ ખોટી ધાર્મીક માન્યતાઓ પણ માનવજાતને (ખાસ કરીને ગરીબ શ્રદ્ધાળુઓને) રીપ્રોડક્ટીવ પર લાભ આપે છે.

ટુંકમાં આ દલીલોને આધારે માનવ પરોપકારનો સંદેશો આપતા ધર્મો ભલે ભ્રામક હોય અને અંધશ્રદ્ધા ફેલાવતા હોય, પરંતુ તેને લીધે માનવજીનને રીપ્રોડયુસ કરવમાં સહાયક થાય છે. જગતના બધા ધર્મો સંતતીનીયમનનો વીરોધ કરે છે તેની પાછળ કદાચ આ જીનેટીક શાણપણ છુપાયેલું હોઈ શકે. આથી ઉત્ક્રાંતીની દ્રષ્ટીએ લાભકારક છે કે ધર્મથી આપણે છેતરાઈ જઈએ અને આપણને વાસ્તવીકતાનું સાચું જ્ઞાન ના મળે. ધાર્મીક છેતરામણી માનવજાતને ઉપકારક છે. માનવજીન્સ (જેને માત્ર સર્વાઈવલ અને રીપ્રોડકશનની જ ફીકર છે) માનવસમાજને છેતરીને એવું માનવા પ્રેરે છે કે બધા જ માનવો માટે નૈતીકતા બંધનકર્તા છે અને આ નૈતીકતાનો પાયો ધાર્મીક જ હોઈ શકે અને તો જ માનવસમાજ વીકાસ કરી શકે. આમ આ દલીલ અનુસાર માનવીની વૈજ્ઞાનીક સત્યની શોધના હીતો અને માનવસમાજને ટકાવી રાખનારા ધાર્મીક હીતો વચ્ચે પરસ્પર સંઘર્ષના સંબંધો છે. ધર્મની વ્યાખ્યા જ એવી છે કે સમાજને જે ધારણ કરી શકે (એક સુત્રે બાંધી શકે) તેનું નામ જ ધર્મ. 'ધારયતે ઈતી ધર્મમ્' ઉપરની દલીલનો પ્રતીકાર સહેલાઈથી થઈ શકે છે.

દલીલની નબળાઈ

પ્રથમ તો એ કે માનવજીન્સને ટકી રહેવા તથા રીપ્રોડયુસ કરવા સામે વૈજ્ઞાનીક જ્ઞાનને કોઈ સંબંધ નથી તે પુર્વધારણા સાચી નથી. માનવજીનનો જથ્થો (જેનેટીક પુલ) આટલો બધો વધ્યો છે એટલે કે વીવીધ જાતના માનવસમાજોનું રીપ્રોડકશન શક્ય બન્યું છે તેમાં ધર્મનો નહી, પરંતુ વીજ્ઞાનનો ફાળો છે. વૈજ્ઞાનીક સત્યને લીધે માનવજાતના રોગો જે કરોડો માનવજીનનો નાશ કરતા હતા તે ચેપીરોગો કાબુમાં આવ્યા છે. માનવધર્મો તો બળીયા બાપજી અને શીતળામાતાની પુજા કરવામાં વ્યસ્ત હતા ત્યારે માનવજીનની સરાસરી આવરદા કેમ વધી નહી?

વળી આ દલીલ કરનારાઓ વીજ્ઞાન અને ટેકનોલોજીમાં ભેદ પાડતા નથી. વીજ્ઞાન તો માત્ર સત્યની ખોજ જ કરે છે. માનવજાતને વીનાશને કીનારે લાવનાર વીજ્ઞાન નહી, પરંતુ ટેક્નોલોજી છે.

ટેક્નોલોજીનો દોશ સત્યશોધક વીજ્ઞાનને માથે ઢોળી દેવાય નહી. વળી જે લોકો વાસ્તવીક માન્યતાને અવગણીને ખોટી ધારણાઓ (અનફીટ હાયપોથીસીસ)નો આશરો લે છે તેમનો નાશ થાય છે.

મહમ્મદ ગઝની જ્યારે સોમનાથ પર ચઢી આવ્યો ત્યારે ત્યાંના અનેક બ્રાહ્મણો અને ક્ષત્રીયો તેનો સામનો કરવાને બદલે એમ માનતા હતા કે સોમનાથ મહાદેવ ગઝનીના લશ્કરનો નાશ કરશે. આ અનફીટ હાયપોથીસીસને લીધે તેમનો પોતાનો નાશ થયો.

તે ઉપરાંત વીજ્ઞાન અને ટેક્નોલોજી વીનાના અનેક રાશ્ટ્રો અત્યારે ગરીબી અને રોગોમાં સબડે છે. કાર્લ પોપર ધ્ટતાપુર્વક જણાવે છે કે હવે જ્યારે વૈજ્ઞાનીક પદ્ધતીમાં ચકાસણીનો સીદ્ધાંત વધુ વ્યવસ્થીત થયો છે, ત્યારે ખોટી પુર્વધારણાઓવાળી વૈજ્ઞાનીક થીયરીનો હકીકતો આધારીત વૈજ્ઞાનીક થીયરી નાશ કરે છે. જુની થીયરીનું સ્થાન નવી થીયરી લે છે. વૈજ્ઞાનીક ક્રાંતી થઈ તે પહેલાં અનફીટ હાયપોથીસીસ ધરાવતા માનવજુથોનો નાશ થતો હતો. હવે વીજ્ઞાનના જમાનામાં અનફીટ હાયપોથીસીસ ધરાવતા માનવજુથોનો નાશ થતો નથી, પરંતુ તેને બદલે કાલગ્રસ્ત (આઉટ ડેટેડ) વૈજ્ઞાનીક થીયરીનો નાશ થાય છે અને જુનવાણી માનવજુથો બચી જાય છે.

ગંગા નદીનું પાણી ઘણું દુશીત છે તેને પવીત્ર માનવું તે અનફીટ હાયપોથીસીસ ગણાય. તેને પવીત્ર માનીને પીનારા લોકોને પેટના અનેક રોગો થવા છતાં તેને આધુનીક તબીબી વીજ્ઞાન બચાવી લે છે.

ઉપરનો કાર્લ પોપરનો મુદ્દો નીચે રજુ કર્યો છે, જેને અંગ્રેજીમાં સારી રીતે સમજી શકાય છે.

"While animal kingdom and Pre-scientific knowldge grow mainly through the elimination of those holding the unfit hypotheses, Scientific criticism often makes our theories parish in our stead, eliminating our mistaken beliefs before such beliefs lead to our own elimination."

વીજ્ઞાનના ઉદય પહેલાં ખોટી માન્યતાઓ માનવજુથોનો અને પ્રાણીઓનો નાશ કરતી હતી. હવે વીજ્ઞાનની પદ્ધતીઓ ખોટી પુર્વધારણાઓ ધરાવતા માનવીઓ કે પ્રાણીઓનો નાશ કરવાને બદલે જુની વૈજ્ઞાનીક થીયરીઝનો નાશ કરે છે.

વળી અહીં એક બાબત સમજવાની જરુર છે. પરોપકારનો ઈજારો ધર્મનો નથી. ધર્મના ઉદભવ પહેલાં પણ માનવજીનમાં પરોપકારની (એકબીજાને મદદ કરવાની વૃત્તી, સહાનુભુતી વગેરે) લાગણી હતી જ. ધર્મની પરોપકારની લાગણી બહુ મર્યાદીત છે. હવે પરોપકારનું સંસ્થાકૃત સ્વરુપ જગતમાં કલ્યાણ રાજ્ય (વેલફેર સ્ટેટ) નો ઉદ્ભવ છે. અત્યારનું વેલફેર રાજ્ય ગરીબોને, વંચીતોને, નીરાધારોને ધર્મ કે ધાર્મીક સંસ્થાઓ કરતાં અનેકગણી વધુ મદદ કરે છે.

અલબત્ત, તેમાં અત્યારે ઘણી તૃટીઓ છે. બેરોજગારો, ગરીબોને કે વંચીતોને જોઈએ તેટલી મદદ મળતી નથી. પરંતુ ભવીશ્યમાં કલ્યાણ રાજ્યો વધુ કાર્યક્ષમ બનીને વધુને વધુ ગરીબો કે વંચીતોને આવરી લેશે તેવી આશા રાખી શકાય. અત્યારે જગત જે મુડીવાદી વીચારસરણી પર ચાલી રહ્યું છે, તેની સામે નીચેથી પડકારો થઈ રહ્યા છે તેવી આ વ્યવસ્થા યાવત્ ચંદ્ર દીવા કરૌ ચાલશે નહી.

પ્રા. જે. પી. મહેતાનું એક વધુ પ્રકાશન

વીતેલા વર્શના છેલ્લા પ્રકાશન તરીકે પ્રા. જે. પી. મહેતાની ૬ પાનાંની એક લઘુપત્રીકા 'રેશનાલીસ્ટ બનો અને કરોડો રુપીયા બચાવો' શીર્શકથી ડીસેમ્બરમાં પ્રકાશીત થઈ છે, જેના પ્રાસ્તાવીકમાં તેઓ લખે છે :

"અગાઉ મેં રેશનાલીઝમની ૨૫ જેટલી પુસ્તીકા લખી મીત્રોને સ્વખર્ચે મોકલી છે, પ્રતીભાવ ભાગ્યે જ મળે છે. આ વાંચી જરુર પત્રો લખશો.

તન, મનની જેમ ધનબચાવ એ પણ રેશનાલીઝમનો મુદ્દો છે. તમે પણ ધાર્મીક વીધી ન કરો, કેટલો બધો સમય ને શક્તી બચે છે ! ધર્માંધ વીધી પાછળ કરોડો રુપીયાના ઘી, તેલ, જ્વતલ, પંચામૃત, શ્રીફળ, ફુલ, ડીઝલ, પેટ્રોલ વગેરે બચે છે."

કઈ રીતે બચે છે તેનાં ૨૦ નુસ્ખા પત્રીકામાં અપાયા છે અને છેલ્લા પાને કાવ્ય જેવી પંકતીઓમાં પોતે કેવા નાસ્તીક છે તેની વાત જે. પી. એ કરી છે.

પ્રાપ્તી સ્થાન : પ્રા. જે. પી. મહેતા, બી/૪, પંચશીલ, વીદ્યાભવન સ્કુલ સામે, ઘાટકોપર, મુંબઈ – ૪૦૦ ૦૫૭.

વીવેકપંથી ૭૦ જાન્યુઆરી ૨૦૦૮

તંત્રીની કલમે

‘મફતનું લઈશ મા’

તમે જો કોઈ સ્વધ્યાયીના પરીચયમાં હશો તો જાણતા હશો કે પાડુરંગ શાસ્ત્રીએ પ્રસારેલા અનેક સુત્રો માંહેનું એક સુત્ર છે ‘મુફતનું લઈશ મા’.

જો કે એ સુત્ર અનુસાર કોઈ સ્વાધ્યાયી મફતનું લેતા જ નહી હોય એમ ખાતરીપુર્વક તો કોણ કહી શકે?

સુત્રો તો રટવા માટે જ હોય છે, જેમ મંત્રો જપવા માટે : રટનાર કે જપનારને, તેમ જ સાંભળનારને પણ એ સારું લાગે છે. એટલું જ નહીં, પણ સ્વચ્છ, સારા અને ધાર્મીક હોવાની એથી છાપ પાડી શકાય છે. કારણ એટલું જ કે એવાં સુત્રો ઉપર ધર્મનો ઢોળ ચડાવવામાં આવ્યો હોય છે.

જેની કીંમત કોઈપણ રીતે ચુકવવામાં આવી ના હોય તે મફતમાં લીધું ગણાય. હા, મીત્રદાવે મારા માટે તમે કીંમત ચુકવી દો તો મેં મફત લીધું ના ગણાય. માત્ર મને પ્રતીતી હોવી જોઈએ કે મારા બદલે કીંમત તમે ચુકવી છે. જેમ વર્શે રુ. ૧૨૦૦નું યોગદાન આપતા ‘વીવેકપંથી’ના વાચકો અન્ય ૧૧નાં લવાજમ ભરી દેતા હોય તો એ અગીયારે મફત વાંચ્યું ના ગણાય. હા, એમને પ્રતીતી હોવી જોઈએ કે એમનું લવાજમ અન્યએ ભર્યું છે.

એમ તો ગયા જુલાઈમાં એડવોકેટ રણીકલાલ પારેખે આ વર્શ માટેની આપણી રુ. ૧૨૦૦/–ની સ્કીમ આગળ વધારવાની ભાવનાથી રુ. ૧૨૦૦૦/– નો ચેક ૧૦ નામો સાથે સામે ચાલીને મોકલી આપ્યો હતો એ પણ તમે જાણો જ છો. આ ધર્મનો નહી, નીતીનો પ્રશ્ન છે.

હવે આપણે આ જ સંદર્ભે રોજીંદી સુક્ષ્મ પ્રમાણીકતાની વાત કરીએ. સુરતના મીત્ર ઉત્તમ ગજજરે ૩ નવેમ્બરનું ‘ગુજરાત મીત્ર’ મોકલ્યું હતું તેની ‘રમણ ભ્રમણ’ કટારમાં રમણ પાઠકે એક સ્વાનુભવ નીચે પ્રમાણે ટાંકયો છે.

એમનો એક મીત્ર સાડાત્રણ વર્શની બેબીને ગામમાં આવેલું સર્કસ બતાવવા લઈ ગયા. ટીકીટબારી પર પાટીયું માર્યું હતું, ‘ત્રણ વર્શ સુધીનાં બાળકોનો પ્રવેશ ફ્રી’ એ વાંચ્યા પછી પણ મીત્રે રુ. ૧૫૦/–ની બે ટીકીટો ખરીદી જ લીધી. એ મીત્ર પાકા રેશનાલીસ્ટ છે. રમણ પાઠક ઉપરાંત બીજા પણ એક વડીલ મીત્ર ત્યારે એમની સાથે હતા, જેઓ એટલા જ પાકા આસ્તીક છે. ઈશ્વરમાં માને છે, પરમ ભક્ત છે, નીયમીત પુજાપાઠ કરે છે, દેવદર્શને જાય છે, વ્રત–તપ–અપવાસ કરે છે અને રાત્રે પ્રાર્થના કર્યા વગર સુતા નથી. એ આસ્તીક મીત્ર સહસા બોલી ઉઠયા, ‘અરે આ બેબી તો ત્રણ વર્શની જ લાગે છે. નકામી એની ટીકીટ ખરીદી.’ પેલા મીત્રે સાવ સ્વાભાવીકતાથી જવાબ આપ્યો, ‘એ સાડા ત્રણ વર્શની છે. પંચોતેર રુપીયા બચાવવા માટે ખોટું ના બોલાય.’

બસ, આ જ ફરક છે નીતી અને ધર્મ વચ્ચે. રેશનાલીસ્ટ તો નીતીમાન જ હોય.

ઉપરનો દાખલો વાંચીને જાતે પોરસાવાનું મન થાય તેવો બે દાયકા પરનો એક સ્વાનુભવ ટાંકવાનું મને પણ મન થાય છે. હૈદરાબાદથી મુંબઈ આવવા માટેની ટીકીટો બુક કરાવવા મોટાભાઈ સાથે રેલ્વે સ્ટેશને ગયો હતો. ભાઈએ ફોર્મમાં પોતાની ઉંમર ૫૯ વર્શ લખી હતી તે વાંચીને બુકીંગ કલાર્કે કહ્યું હતું, “આમાં ૬૦ વર્શ લખી નખો. સીનીયર સીટીઝનનું કન્સેશન મળશે.” મોટાભાઈએ સ્વાભીકતાથી ત્યારે કહ્યું હતું, ‘હું ૫૯નો જ છું.’

આ જાતની સુક્ષ્મ પ્રમાણીકતા આજે નામશેશ થતી જતી હોય એમ નથી લાગતું ? આજે ‘ફ્રી’ની જાહેરખબરો સરાજાહેર વાતાવરણમાં ગુંજી રહી છે અને ‘એકની સાથે એક ફ્રી’ મેળવવા માટે તો પડાપડી થઈ રહી છે. કોઈને વીવેકબુધ્ધીથી વીચારવાની ફૂરસદ નથી કે મુળ વસ્તુની પડતર કરતાં અનેકગણું વધુ જાહેરખબરો અને આકર્શક પેકીંગમાં ખર્ચતા ઉત્પાદક કે વેપારીને મફત આપવું પોશાય જ કઈ રીતે ? જરુર એમાં કંઈક તર્કટ હોય.

જેઓ રેશનાલીસ્ટ છે, અથવા ‘વીવેકપંથી’ જેવા રેશનાલીસ્ટ સામયીકો વાંચીને રેશનાલીઝમ સમજવા મથે છે, તેવા પ્રમાણીક અને નીતીમાન વાચકોને કહેવાનું પર્યાપ્ત થાય છે કે ‘મફતનું લઈશ મા’નું સુત્ર તેઓ માત્ર રટે નહી, પણ જીવનમાં ઉતારે. તદ્દન ફ્રી કે એક પાછળ એક ફ્રીની લાલચ સત્વરે તજવા જેવી છે.

મુંબઈના વીવેકપંથીઓ જેમનાથી સુપેરે પરીચીત છે. તેવા ડો. અમુલ શાહ આ સુત્રથી સારી રીતે પરીચીત લાગે છે. ડીસેમ્બરના અંકની જાહેરાત વાંચીને ‘દશા–દીશા દસ્તાવેજ’ મંગાવતાં તેઓ લખે છે, ‘દસ્તાવેજ મોકલો ખરા, પણ સાથે તેની કીંમત પણ જણાવો, જેથી મની ઓર્ડર કરી શકાય.’ જવાબમાં દસ્તાવેજ મોકલતાં મેં લખ્યું, ‘આ દસ્તાવેજ તો અમુલ્ય છે, પણ રેશનાલીઝમને પ્રોત્સાહીત કરવા કોઈપણ રકમ સ્વીકારપાત્ર છે.’

અંતે તો ‘વીવેકપંથી’ને પણ અમુલ્ય બનાવવા આપણે સૌ મથી જ રહ્યા છીએ ને ! જી હા , આપણે સૌ.

રેશનાલીઝમ સામેનો બીજો અવરોધ

મુક્ત સેક્સની હીમાયત

– એન વી. ચાવડા

રેશનાલીઝમના અવરોધરુપ પરીબળોમાંના, પહેલા પરીબળ 'ઇશ્વરવાદીઓની ઘુસપેઠ'ની ચર્ચા કર્યા પછી એવા જ બીજા પરીબળની અહીં ચર્ચા કરીએ.

રેશનાલીઝમ સામેનું બીજું ભયસ્થાન છે તેમાં ઘુસેલો મુક્ત સેક્સનો વીચાર. આ વીચાર તાજેતરમાં જ ઘુસ્યો છે. પરંતુ એને એ રીતે રજુ કરવામાં આવ્યો છે કે જાણે રેશનાલીઝમનો તે પ્રાણપ્રશ્ન હોય. મુક્ત સેક્સની હીમાયત કરનાર એક વીદ્વાન અને વરીષ્ઠ રેશનાલીસ્ટ લખે છે કે, 'મારા સીવાય એનાથી બીજા કોઇનો વીચાર થઇ જ કેમ શકે? આ પતી-પત્નીનો સ્થાયી ભાવ, આ પરીસ્થીતી આદર્શ નથી જ, સમર્થનમાં ગુણવંત શાહનું આ મંતવ્ય ટાંકે છે. 'પરસ્પર સંમતી હોય અને સંયોગ થાય; એમાં કયાંય પ્રકૃતી, સામાજીકતા, લોકશાહી કે ધર્મ ખાડે જતાં નથી...' હવે તો જાહેરમંચ પર આ વીશયની ચર્ચાઓ યોજાઇ રહી છે, ઉપરાંત સમુદ્રતટે એક આધેડ યુગલ આશ્લેશમાં પ્રેમક્રીડા કરી રહ્યું છે, જેઓ એકમેકના પતી-પત્ની નથી. એવા દ્રૃષ્ટાંત દ્વારા તેઓ સ્પષ્ટ રુપથી એમ કહેવા માંગે છે કે એક-મેકના પતી-પત્ની કરતાં પારકા પતી-પત્ની હોય તો સંયોગમાં વધારે મજા આવે છે.

એક રેશનાલીસ્ટ મીત્રના ઉપરોક્ત વીચારોના સંદર્ભમાં પ્રથમ પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે લગ્ન સંબંધ બાંધ્યા પછી અન્યનો વીચાર શા માટે કરવો જોઇએ? કામ વાસનાને એ રીતે ભડકાવવાની શી જરુર છે? એ રીતે તો આજે બીજું, આવતીકાલે ત્રીજું અને પરમ દીવસે ચોથું, એવા નીત્ય બહાવરી, ભટકતી અને કામાંધ વૃત્તીનું નીર્માણ નહીં થાય? આવી કુતરા જેવી કામવૃત્તીથી મનુશ્યને શું સ્થાયી, પરમસંતોષયુક્ત સુખ અને આનંદ મળી જશે ? એવું નહીં બને કે આ રીતે બહેકાવેલી કામ પીપાસા મનુશ્યને કાયમી અસંતોશ અને કામભુખની અગનજવાળામાં લપેટી લે?

ક્ષમાયાચના સાથે સોંસરવો સવાલ એ ઉત્પન્ન થાય છે કે જ્યારે આ રેશનાલીસ્ટ મીત્ર કહે છે કે પરસ્પર સંમતી હોય તો સંયોગ કરવામાં કોઇને કોઇજ પ્રકારનું નુકસાન નથી. એ સંજોગોમાં કોઇ વ્યક્તી સંમતી પ્રાપ્ત કરીને પોતાની મા-બહેન-પુત્રી-પુત્રવધુ-ભાભી વગેરે સાથે આવો સંયોગ કરે તો સામાજીકતા કે ધર્મ ખાડે જાય કે નહીં?

આ રેશનાલીસ્ટ ભાઇ પતી-પત્નીનો માલીકીનો સ્થાયી ભાવ સ્વીકારતા નથી, અર્થાત એકજ પાત્ર સાથે કાયમ વફાદારીપુર્વક ટકી રહેવામાં માનતા નથી. પરંતુ એ રીતે તો બીજા પાત્ર સાથે પણ લાંબો સમય ટકી રહેવાથી સ્થાયી ભાવનું નીર્માણ થાય. મતલબ કે સ્થાયી ભાવનું નીર્માણ ન થાય (કારણ કે કાયમ એકમાં ને એકમાં શું મજા?) એ માટે મનુશ્યે થોડા સમયે ઉમ્રભર નવા-નવા પાત્રો સાથે કાયમ સંયોગ કરતાજ રહેવું પડે. આ રીતે આપણી નજર સમક્ષ આપણી મા-બહેન-દીકરી દરરોજ પાત્ર બદલતી રહે એ શું આપણા માટે આનંદનો વીશય બની શકે એમ છે? વળી એવી પરીસ્થીતીમાં કોઇ પ્રશ્નો, સમસ્યાઓ, અને સંકટો શું નહીં, ઉપસ્થીત થાય ? આવી પરીસ્થીતી કઇ રીતે આદર્શ કહેવાય?

અહીં ઉપનીશદકાળનું એક ઉદાહરણ યાદ આવે છે. મહર્શી, ઉદાલકની પત્નીને લઇને અન્ય પુરુશ ચાલતો થાય છે, ત્યારે ઉદાલકપુત્ર વીશ્વકેતુ ક્રોધાગ્નીમાં મુઠીઓવાળી હરણકર્તા પુરુશ ઉપર હુમલો કરવા તૈયાર થઇ જાય છે. ઉદાલક એને સનાતન ધર્મની આણ દઇને રોકે છે. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે આજની સ્ત્રીઓનો આ રેશનાલીસ્ટ મીત્રની મુક્ત સેક્સની વીચારધારાને અનુસરશે તો તેમના સંતાનો વીશ્વકેતુ બની કોઇ ઉપર હુમલો નહીં કરે? એને કોણ કેવી રીતે રોકી શકશે? જ્યારે કાયમ બદલતા જ રહેવાના હોય ત્યારે જુના અને નવા પાત્રો પણ ઇર્શા અને તેજોદ્વેશથી પીડાઇને કાવા-દાવા અને ટંટો-ફીસાદ નહીં કરે? પરસ્પર સંમતી મેળવવામાં કાબેલ, દક્ષ, કપટી, ચતુર, બલવાન અને સુંદર પુરુશ જ કાયમ ફાવી જાય ત્યારે અન્યાયગ્રસ્તો વીશ્વકેતુ બની હુમલાઓ નહીં કરે ? મુક્ત સેક્સમાં બધું સર્વાંગ સુંદર બની રહેશે એમ માનવું શું ભયંકર ભુલભર્યું નથી?

લગ્નસંબંધ બાંધ્યા પછી અન્ય પાત્રનો વીચાર જ શા માટે કરવો ? એ રીતે કામવાસના ભડકાવવાની જરુર શી ?

અહીં કોઇ એવી દલીલ કરવા કદાચ પ્રેરાશે કે લગ્નસંસ્થા જ નહીં જોઇએ. લગ્નસંસ્થા છે તો જ

પુત્રવધુ-ભાભી-કાકી વગેરે છેને? લગ્નસંસ્થા ન હોય તો આવા કોઈ સંબંધોજ ન રહે. તેથી લગ્નસંસ્થા જ નાબુદ કરો, જેથી ન રહે બાંસ અને ન બજેગી બાંસુરી. પછી તો બસ મજા જ મજા. પરંતુ ભાઈસાહેબ, આપણો, ઇતીહાસ તો જુઓ.જેમાં આદીમાનવની સ્થીતી પ્રારંભમાં મુક્ત સેક્સની જ હતી. અને ત્યારે જેના હાથમાં લાઠી તેની ભેંસ જેવી સ્થીતી પ્રવર્તમાન હતી. ત્યારે સ્ત્રીઓના અપહરણો અને તેમના પર બળાત્કારો ખુલ્લેઆમ થતાં હતાં. સ્ત્રીઓ માટે યુદ્ધો થતાં હતાં. છળ-કપટ, દંગા અને ખુનો થતાં હતાં. વધુમાં બાળકો અને વૃદ્ધ માતા-પીતાના રક્ષણ અને સંવર્ધનના પ્રશ્નો ઉપસ્થીત થતા હતા. આ પરીસ્થીતીના નીવારણ અર્થે જ. આપણા પુર્વજોએ લગ્નસંસ્થાનું નીર્માણ કર્યું હશે ને? આમ લગ્નસંસ્થા વીવેકબુદ્ધીપુર્વક સ્થાપેલ સંસ્થા છે. પશ્ચીમના દેશોમાં લગ્નસંસ્થા તુટી રહી હોય તો ભારતમાં પણ તે તુટી જવી જોઈએ એવું આવશ્યક શા માટે છે? જ્યાં લગ્નસંસ્થા તુટીગઈ હોય અને લોકો મુક્ત સેક્સજીવન જીવતાં હોય ત્યાં જીવનની અને સેક્સની તમામ સમસ્યાઓ હલ થઈ ગઈ છે ખરી? બીજી કોઈ નવી સમસ્યાઓ શું ઉદ્‌ભવી જ નથી? અલબત્ત, મુક્ત સેક્સથી સમાજ સમસ્યાવીહીન બનવો હરગીઝ સંભવ નથી. તેથી લગ્નસંસ્થા નાબુદ કરવાથી આપણો સમાજ સુધરી જઈને સ્વસ્થ અને સુખી થઈ જવાનો એવું માનવું ભુલ અને જોખમ ભરેલું છે. અલબત્ત આપણી લગ્નસંસ્થામાં અનેક ક્ષતીઓ અને દુશણો છે. પરંતુ આપણું શ્રેય એ ક્ષતીઓ અને દુશણો નીવારવામાં જ રહેલું છે. તેથી આપણા પ્રયાસો મુક્ત સેક્સનાં નહીં પરંતુ લગ્નસંસ્થા સુધારવાના જ હોવા જોઈએ.

ગૌતમ બુધ્ધે મનુશ્યને સુખી રહેવા માટે પંચશીલ (સત્ય, અહીંસા, અસ્તેય, અવ્યભીચાર અને નીર્વ્યસન) નું પાલન કરવાનો આદેશ આપ્યો છે. મુક્ત સેક્સ એ વ્યભીચાર છે. જેમ બ્રહ્મચર્ય અતીરેક છે, તેમ વ્યાભીચાર પણ અતીરેક છે. આપણા રુશી-મુનીઓએ પણ કહ્યું છે કે "અતી સર્વત્ર વર્જયેત્" અતીરેક એ ઝેર સમાન છે. બુધ્ધે અતીરેકનો ત્યાગ કરી મધ્યમ માર્ગે ચાલવાનો આદેશ આપ્યો છે. લગ્નજીવનનો સંયમીત સેક્સ એ મધ્યમ માર્ગ છે.જેમાં કામનું દમન પણ નથી અને અતીરેક પણ નથી. નીયંત્રીત સેક્સમાં વીવેક છે. તેથી વીવેકપંથી કદી મુક્ત સેક્સની હીમાયત કરે જ નહીં. મુક્ત સેક્સના પરીસંવાદો યોજવા એ

રાધા-કૃશણના લગ્ન-બાહ્ય સંબંધોમાંથી કેટલાક કવીઓ, લેખકો, ચીંતકો અને પ્રવચનકારો પ્રેરણા લેતા હશે !

સેક્સવૃત્તીને બહેકાવવા સીવાય કશું જ નથી એ મનુશ્યત્વ તરફની નહીં પરંતુ પશુત્વ તરફની ગતી છે.

બુધ્ધે મુક્ત સેક્સ (વ્યભીચાર) અને વ્યસનોનો ચુસ્ત વીરોધ કર્યો છે. તેથી તો રેશનાલીસ્ટો બુદ્ધને અવગણતા નથી ને? રેશનાલીસ્ટો મુક્ત સેક્સની હીમાયત કરે છે, ત્યારે એક સાંભળેલો સંભવત:વીવેકપંથીમાં પણ પ્રગટ થયેલો એક રમુજી ટુચકો યાદ આવે છે.

દીકરી: (બહારથી બુમ પાડીને) મમ્મી કોઈક સાધુઓ આવી રહ્યાં છે. મમ્મી: તમે બે બહેનો ઘરમાં આવી જાવ

દીકરી : મમ્મી, આ તો ફલાણા સંપ્રદાયના સાધુ છે.

મમ્મી : તો, તો ભઈલાને પણ અંદર લઈ લે જે.

આ ટુચકામાં આ પ્રમાણે વધારો કરી શકાય.

દીકરી : મમ્મી, કોઈ ..... સભાવાળાં આવ્યાં છે.

મમ્મી : તો મોટીબાને પણ અંદર લઈ લેજે.

જેમ મુક્ત સેક્સ સંબંધો પરસ્પરની સંમતીથી શક્ય બને છે, તેમ કેટલાક, કહેવાતા સાધુસંતોના સેક્સકૌભાંડો, કીશોરો સાથેના સજાતીય સંબંધો, માંત્રીક-તાંત્રીક, ભુવા-ભગત, જ્યોતીશી વગેરેના પરસ્ત્રી સાથેના સંયોગો વગેરે પણ પરસ્પરની સંમતીથી જ થાય છે. એ સંજોગોમાં પરસ્પરની સંમતીથી પરસ્ત્રી સાથે સંબંધો સ્થાપીત કરનાર રેશનાલીસ્ટો પરસ્પરની સંમતીથી ઘોર કર્મો કરનાર અઘોરીઓનો વીરોધ કેવી રીતે કરી શકશે? બુધ્ધે કહ્યું છે કે પંચશીલ વીનાની પ્રજ્ઞા વ્યર્થ છે. (પ્રજ્ઞા અર્થાત્ જ્ઞાન યા વીવેકબુધ્ધી). યાદ રહે કે બુધ્ધનો ઉપદેશ ઇ.સ. પુર્વે અર્ધી દુનીયામાં પંચશીલનું પાલન કરનારા બૌધ્ધભીક્ષુઓ દ્વારા ફેલાયો હતો. વ્યભીચારી અને દારુડીયા રેશનાલીસ્ટનો પ્રભાવ સમાજ ઉપર શું પડવાનો? રેશનાલીસ્ટો જો મુક્ત સેક્સનો પ્રચાર કરવા લાગશે તો લોકો એને ઘરમાં તો શું, શેરીમાં પણ પેસવા નહીં દે.

જેમ પતી-પત્ની પારકા હોય તેમ વધારે મજા આવતી હોય તો પારકી મહેનતનું, પસીનો પાડ્યા વગરનું, મફતનું ખાવાની પણ વધારે મજા આવે છે. તો શું માણસે અપ્રમાણીકતા, ભ્રશ્ટાચાર, ચોરી, લાંચ-રુશ્વત દ્વારા જ પૈસો મેળવી મોજ કરવી જોઈએ? જેમ લાંચ રુશ્વત, ચોરી, ભશ્ટાચાર વગેરે ગુપ્ત રીતે કરવા

પડે છે, તેમ મુક્ત સેક્સ પણ ગુપ્ત રીતેજ આચરવો પડે. કારણ કે મુક્ત સેક્સ એ નીતીમત્તા અને કાયદાનો પણ ભંગ છે અને શીક્ષાપાત્ર ગુનો છે. મુક્ત સેક્સની હીમાયત કરવા કરતાં પતી-પત્નીને પરસ્પરમાંજ પરમ સંતોશયુક્ત આનંદ મળી રહે એ પ્રકારના સેક્સ એજ્યુકેશનની વ્યવસ્થા કરવી સમાજ માટે વધુ હીતાવહ છે.

આપણા કેટલાક કવીઓ, લેખકો, ચીંતકો અને પ્રવચનકારોને કૃશ્ણ સૌથી વધુ ગમે છે, તેનું કારણ કદાચ એ છે કે કૃશ્ણ અને રાધા-ગોપીઓના લગ્નબાહ્ય સંબંધોની આડશમાં તેમને પોતાના વ્યભીચારને કૃષ્ણ-રાધા જેવા પ્રેમમાં ખપાવવાની પ્રેરણા અને અનુમતી પ્રાપ્ત થાય છે. પોતાના આ વ્યભીચારને આ લોકો Platonic Love જેવું રુડું-રુપાળું નામ આપી ને દુનીયાને છેતરે છે. Platonic Love અને શારીરીક આકર્ષણ બન્નેનું લક્ષ્ય તો એકજ હોય છે, સંભોગ. પરસ્ત્રી સાથેના સંભોગને Platonic Love કહેવાથી તે વ્યભીચાર મટી જતો નથી. પોતાની વકરી ગયેલી કામપીપાસાને વાજબી ઠેરવવા માટે આ લોકો પતી દ્વારા પત્ની ઉપર દરરોજ બળાત્કારો થાય છે એવું જુઠાણું ચલાવે છે. અલબત્ત કોઈક અપવાદરુપ કેઈસમાં એવું બન્યું હોય તેથી શું પરસ્ત્રીને ફોસલાવીને ફસાવીને તેને Platonic Loveનું નામ આપી કરેલો સંયોગ પણ બળાત્કાર કેમ નથી? રાધા-કૃશ્ણનાં બહાના તળે આપણા દેશમાં અનેક લોકો કૃશ્ણનો અવતાર બની સ્ત્રીઓને ભ્રષ્ટ કરી રહ્યા છે. આ અટકાવવાની રેશનાલીસ્ટોની ફરજ છે. સ્વસ્થ, સબળ અને સુંદર સમાજના નીર્માણ માટે બુધ્ધે આપેલા પંચશીલનું પાલન રેશનાલીસ્ટો માટે અતી આવશ્યક છે. વ્યક્તીગત રીતે પણ તે અપરંપાર સુખ પ્રદાતા છે.

ગુજરાત : ચુંટણીના અનુસંધાને

નાગરીક સ્વાતંત્ર્ય સંગઠન (PUCL) ના ઉપક્રમે તા. ૨૪ ડીસેમ્બરે ચુંટણીનાં પરીણામોની નીસ્બત ધરાવતા નાગરીકોની એક સભા અમદાવાદના મહેંદી નવાઝ જંગ હોલ ખાતે મળી હોવાનો વીસ્તૃત અહેવાલ રજની દવેએ પ્રકાશીત કર્યો છે

પ્રકાશ ન. શાહના અધ્યક્ષપદે યોજાયેલી આ સભાના મુખ્ય વકતાઓ હતા, ઘનશ્યામ શાહ, ઈન્દુકુમાર જાની, ઈલાબેન પાઠક, લાલજી દેસાઈ, ચુનીભાઈ વૈદ્ય, ગૌત્તમ ઠક્કર વગેરે.

ગત ચુંટણીના પરીણામો પર વીશદ્ ચર્ચા કરતી આ સભામાં વીપક્ષની નબળાઈઓ વર્ણવતાંની સાથે કેટલાંક સારાં પાસાંની પણ નોંધ લેવાઈ હતી; જેમ કે વ્યક્તીગત અહમ્‌ના કારણે પક્ષ છોડી જનારાની પ્રજા-માનસમાં લેવાયેલી નોંધ, નાતના નામે વોટીંગ ના ચાલ્યું અને જ્ઞાતીના કોઈ વડાના અપમાનને જ્ઞાતીનું અપમાન ગણવામાં ના આવ્યું.

રાજ્યમાં હીંદુત્વની ભાવના-લાગણી ઉંડે ગયાની ચીંતાની સાથે આ સભામાં મજબુત વીરોધપક્ષની જરુરત પણ ચર્ચાઈ હતી.

ગાંધીનગરમાં રેશનાલીસ્ટ એસોસીએશન

ગાંધીનગર જીલ્લાના રેશનાલીસ્ટ એસોસીએશનના પંકજ પટેલના જણાવ્યા પ્રમાણે રેશનાલીસ્ટ વીચારસરણી ધરાવતા મીત્રોનું એક સ્નેહસંમેલન ૬ જાન્યુઆરીએ ગાંધીનગર ખાતે યોજાઈ ગયું, જેમાં સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા, વહેમો અને સામાજીક કુરીવાજો તેમ જ અંધશ્રધ્ધાના નામે સ્ત્રીઓ પર થતા અત્યાચારો વીશે લોકોમાં જાગૃતી કેળવવા માટે તેમ જ લોકોની ધાર્મીક લાગણીઓનો ગેરલાભ ઉઠાવીને લોકોનું આર્થીક અને જાતીય શોશણ કરતા ભુવાઓ, તાંત્રીકો, બાબાઓ જેવા લેભાગુઓથી આમપ્રજા જાગૃત થાય તે અંગેના ભાવી કાર્યક્રમો આપવા માટેનું આયોજન નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરાંત બાળકો તથા યુવાનોનું જીવન-ઘડતર થાય અને તેઓ દેશના સારા અને સાચા બુધ્ધીનીશ્ઠ નાગરીકો બને તે અંગે શાળાઓ -કોલેજોમાં વીજ્ઞાન - શીબીરોનું આયોજન કરવાનું નક્કી કરેલ હતું.

આ ઉદ્દેશથી "ગાંધીનગર જીલ્લા રેશનાલીસ્ટ એશોસીએશન" ની સ્થાપના કરવામાં આવી છે અને નીચે મુજબની કારોબારીની રચના પણ કરવામાં આવી છે.

ભીખાભાઈ અમીન - પ્રમુખ, ગીરીશચંદ્ર શર્મા - ઉપપ્રમુખ, પંકજભાઈ પટેલ - મહામંત્રી
બાબુભાઈ પરમાર - મંત્રી, ભાનુપ્રસાદ પુરાણી - સલાહકાર, વાસુદેવભાઈ શ્રીમાળી - પ્રવકતા

અજ્ઞેયવાદ શું અંધારીયો પ્રદેશ છે ?

– લક્ષ્મીદાસ ખટાઉ

૬૮મા અંકમાં લલીત નગરશેઠે વીજ્ઞાન ચીંતનમાં જે લખ્યું છે તે આમ તો આધારભુત છે, પણ લેખના અંતમાં એમણે લખ્યું છે,"ગુઢવાદ (Mysticism) ભ્રાંતીવાદ(Obscurantism) અધ્યાત્મવાદ (Spiritualism) અને અજ્ઞેયવાદ (Agnosticism) જેવા અંધકારમય પ્રદેશમાં ધકેલાઈ જઈશું. આના વીશે મારે કંઈક કહેવાનું છે.

પહેલા ત્રણ વાદ તો જાણે અંધકારમય પ્રદેશો છે જ, પણ અજ્ઞેયવાદ પણ અંધકારમય પ્રદેશ છે એ વાત જરા ચર્ચાસ્પદ છે. અગાઉ રમણ પાઠકે પણ અજ્ઞેયવાદને બૌધીક પ્રમાદ કહ્યો છે. તો શું અજ્ઞેયવાદ રેશનાલીઝમ સાથે સુસંગત નથી ?

જડમાંથી ચેતન પ્રગટવા પાછળ ક્યા પરીબળોએ કામ કર્યું ?

જેમ કોઈપણ ધર્મ, રાજકરણ કે વીચારસરણીમાં ઉદામ, આક્રમક, મવાળ અને સૌમ્ય વીચારકો હોય છે, તેમ રેશનાલીઝમમાં પણ હોય છે. ઉદામ અને આક્રમક રેશનાલીસ્ટો છાતી ઠોકીને કહે છે કે ઈશ્વર નથી, નથી ને નથી જ. તો મવાળ અને સૌમ્ય રેશનાલીસ્ટો નમ્રતાપુર્વક કહે છે, 'ઈશ્વર છે કે નહી, તે વીશે અમે કંઈ ચોક્કસ કહી શકતા નથી'. ઉદામ રેશનાલીસ્ટો આને દહીં-દુધીયા વલણ કહે છે.

પરંતુ પોતાના તટસ્થ વીચારો માટે મવાળ અને સૌમ્ય રેશનાલીસ્ટો પાસે સબળ કારણ છે. વીશ્વનું અને જીવસૃશ્ટીનું સર્જન કેવી રીતે થયું તે બીગબેંગ, વીરાટ વીસ્ફોટ કે ડાર્વીનના ઉત્ક્રાંતીના સીધ્ધાંતના આધારે જાણી શકાતું નથી. વીરાટ વીસ્ફોટ તો ફક્ત એટલું જ કહે છે કે ૧૪-૧૫ અબજ વર્શ પહેલાં જે વીરાટ વીસ્ફોટ થયો તેમાંથી ગેલેક્ષીઓ, તારાઓ, ગ્રહો વગેરેનું સર્જન થયું. પરંતુ એ વીસ્ફોટ માટેની ઉર્જા ક્યાંથી આવી? અબજો તારા સમાવતી એક આકાશગંગા જેવી અબજો આકાશગંગાઓ બનાવનાર વીસ્ફોટને ઉર્જા ક્યાંથી મળી ? વીજ્ઞાનીઓ કે રેશનાલીસ્ટો પાસે આનો જવાબ નથી.

આજથી અબજો વર્શ પહેલાં અને પૃથ્વીથી લાખો પ્રકાશવર્શ દુર, વીશ્વ સર્જન થયું તેની પાછળ ક્યા પરીબળોએ કામ કર્યું ? વીશ્વના, પ્રલયના કે ક્યામતના દીવસ સુધી આ અને આવા રહસ્યોનો જવાબ મળવાનો નથી.

એ જ રીતે ડાર્વીનના સીધ્ધાંતમાં જડમાંથી ચેતન પ્રગટયા પછી ફુગ, સેવાળ, વનસ્પતી, એકકોશી અને બહુકોશી, જીવાણુઓ, પશુ-પક્ષી અને છેવટે મનુશ્યનું સર્જન બહુ સારી રીતે સમજાવાવવામાં આવ્યું છે, પણ ચેતન કઈ રીતે પ્રગટયું તે કહેવામાં આવ્યું નથી. જડમાંથી ચેતન પ્રગટવા પાછળ ક્યા પરીબળે કામ કર્યું તેનો જવાબ શોધવાના વીજ્ઞાનીકોના પ્રયાસો ચાલુ છે, પણ હજી સુધી જવાબ મળ્યો નથી.

આ બે રહસ્યોનો ઉકેલ જ્યાં સુધી ના મળે ત્યાં સુધી અજ્ઞેયવાદીઓ 'ઈશ્વર નથી' એવું ખાતરીપુર્વક કેમ કહી શકે ? અહીં એટલું પણ કહી લેવા દો કે અજ્ઞેયવાદીઓ બબ્બે હાથ-પગવાળા સર્વશક્તીમાન અને સર્વવ્યાપી ઈશ્વરનું અસ્તીત્વ તો નથી જ સ્વીકારતા.

અજ્ઞેયવાદીને બૌધીક પ્રમાદી કહેવામાં તેમને અન્યાય છે, કારણકે તો રોબર્ટ ઇંગરસોલ અને બર્ટ્રાન્ડ રસેલથી માંડીને ખુશવંતસીહ અને અરુણ શૌરી સુધીના ઘણા રેશનાલીસ્ટો અને વીચારકોને બૌધીક પ્રમાદી જ ગણવા પડે.

પાલનપુરના છેલ્લા અધીવેશનની સ્મરણીકામાંહેનો આર.એ. જહાગીરદારનો લેખ વાંચી જવાની હું રેશનાલીસ્ટોને ભલામણ કરું છું. ઇંગરસોલે Why I am Agnostic નામક પુસ્તક લખ્યા છતાં જહાગીરદારે એને રેશનાલીસ્ટ, નાસ્તીક અને સેક્યુલરીસ્ટ કહ્યા છે. Why I am not a christion નામક પુસ્તક લખનાર બર્ટ્રાંડ રસેલ પણ પોતાને અજ્ઞેયવાદી કહેવડાવતા હતા, પણ ઈશ્વર નથી તેવો સ્પશ્ટ મત એણે આપ્યો નથી અને તે માટેનાં કારણો પણ જહાગીરદારના લેખમાં અપાયા છે.

મારી જો આમાં કંઈ ભુલ હોય તો તે દર્શાવવાની હું રમણ પાઠક, બીપીન શ્રોફ કે ધવલ મહેતા જેવા અધીકારીઓને વીનંતી કરું છું.

ધુપછાંવ

રડતાને છાનો ના રાખો. એને જરુર છે તમારા હુંફાળા ખભ્ભાની, જેના પર માથું ટેકવીને એ પોતાનું હૈયું હળવું કરી શકે. જેનો ખભ્ભો આંસુથી ભીનો થઈ શકે એ જ સાચો મીત્ર

– 'અંકુર'

વીચીત્ર વૃત્તાંત

સાંઈનું સો કીલોનું સીંહાસન અને સો કરોડ નગદ

સાંઈબાબાની મુર્તી બેસાડવા ૧૦૦ કીલોનું સીંહાસન બનાવાયાના સમાચાર સારી રીતે ચગ્યા પછી ચેન્નઈની ફ્યુચર સોફ્ટવેર કંપનીના માલીક-ઉદ્યોગપતી કે. વી. રામાનીએ ભક્તીનીવાસ બાંધવા માટે રુ. ૧૦૦ કરોડનું દાન આપ્યું છે. ૧૫૦૦૦ ભક્તોને વાજબીભાવે રહેવા મળે એવો એનો ઉદ્દેશ છે. જી ના, ગરીબો માટે પણ મફ્ત તો નહીજ.

બીજા ૨૫૦ કરોડના ખર્ચે સાંઈ ટ્રસ્ટ પ્રચારના સાધનો પ્રસારીત કરવાનું છે.

★

મલ્લીકા નામની બેંગ્લોરની એક યુવતી પ્રભુપ્રસાદમાં ઝેર ભેળવીને મહીલાઓને મારી નાખી તેમનાં ઘરેણાં અને મોબાઈલ વગેરે જે કંઈ હોય તે લુંટી લેતી હતી. ૬ શ્રીમંત મહીલાઓને માર્યા બાદ એક મહીલા પોલીસને ફસાવવા જતાં એ પોતે ફસાઈ ગઈ છે.

★

'એક્ઝોરીસ્ટ' નામની અંગ્રેજી ફીલ્મ ૧૯૭૪માં આવી હતી. તેમાં માનવીના શરીરમાં પ્રવેશેલા ભુતને કાઢવા એક પાદરીએ પોતાની જાતનું બલીદાન આપ્યું હતું. હવે ૩૩ વર્શ બાદ એ ફીલ્મની અસર થઈ છે. પોપના વેટીકન ચર્ચ તરફથી રોમન કેથોલીક પાદરીઓને પ્રેતાત્માઓ પર અંકુશ મેળવવા અને તેમને શરીરમાંથી ભગાડવા માટેનું ખાસ પ્રશીક્ષણ આપવામાં આવશે. સાથે સાથે લકવા માટે માંત્રીક શકતી કઈરીતે મેળવવી તેનું પણ પ્રશીક્ષણ અપાશે. આ એક પ્રકારની ભુવાગીરી જ ના ગણાય ?

★

પતી ક્રેન્ડોન સાથે છુટ્ટાછેડા લઈને ૩૪ વર્શની જુલીયા ગ્રેગે પોતે દત્તક લીધેલા ૨૧ વર્શના પુત્ર સાથે પરણી ગઈ છે. જુલીયા એક પુત્રીની માતા પણ છે.

★

માંદા બાળકને કોઈની નજર લાગી છે તેવા વીચારે ખેરાળુમાં ડોકટરને ત્યાં લઈ જવાને બદલે નજર બાંધનારા (ભુવા) ની દુકાને લઈ જવાય છે, જ્યાં નજર બાંધવાના રુ. ૫૦/- લેવામાં આવે છે. આ ભુવાઓ નજર બાંધવા માટે બાળકો પર મંત્ર તંત્રનો પ્રયોગ કરે છે અને કુમળાં બાળકોને ડામ પણ આપે છે.

★

મહેસાણા જીલ્લામાં અંબાજીથી માંડીને દક્ષીણ ગુજરાતની છોકરીઓને લવાય છે અને સગવડીયાં લગ્ન કરાય છે. ગર્ભાશયના કે હૃદયના વાલ્વની સમસ્યાથી પીડાતી છોકરીઓને 'માતાજી' બનાવીને રજુ કરાય છે, જાતીભેદના રેશીઓફેરના કારણે આજે પરીસ્થીતી એ છે કે કુંવારા છોકરાઓ ત્યકતાઓ અને સમસ્યાગ્રસ્ત છોકરીઓ સાથે લગ્ન કરવા તૈયાર થઈ જાય છે.

★

વોશીંગ્ટનમાં સુભાશચંદર નામના એન.આર.આઈ. ઉદ્યોગપતીએ પોતાની દીકરીનું ઘર સળગાવી દીધું, જેમાં તેના શીક્ષીત જમાઈ અને ગર્ભવતી પુત્રી સળગી ગયાં. ગ્રેજ્યુએટ પુત્રી મોનીકા રાનીનો દોશ એ હતો કે એણે હલકા વર્ણના યુવાન સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં.

★

આંધ્રના વીજયવાડામાં એક પહાડી પરના કનકદુર્ગા માતાનાં દર્શન માટે માત્ર બે કલાકનો જ સમય રાખવામાં આવ્યો છે જ્યાં રોજના પાંચ-સાત હજાર દર્શનાર્થીઓ આવતા હોવાથી તાજેતરમાં ગીર્દીમાં ભીંસાઈને છ ભક્તો મરણશરણ થયા અને સોળ ભક્તો ઘાયલ થયાના સમાચાર છે.

જો કે રુપીયા પાંચ હજાર ખર્ચીને વહેલાં દર્શન કરી શકાય તેવી જોગવાઈ તો છે જ, જે શ્રીનાથજીના મંદીરે પણ છે. મંદીર બંધ થયા પછી પણ પુજારી સાથે નાણાંકીય સમજુતી સાધીને તમે કોઈપણ સમયે ક્ષીનાજીનાં દર્શન કરી શકો છો.

હા, શંકરના કોઈ મંદીરને તાળાં લાગતાં જ નથી.

વીચારલાલીત્ય

હીન્દુઓ માટે કાનુન ઘડનારા ભગવાન મનુનો મહીલાઓ માટે સારો અભીપ્રાય નહોતો.

મનુએ કહેલું કે "સ્ત્રી સ્વાતંત્ર્યને લાયક નથી." – ઈન્દીરા ગાંધી

(કાન્તી ભટ્ટના એક લેખમાંથી)

પાખંડી પુજારી

–કૃશણલાલ શ્રીધરાણી

ઘંટના નાદે કાન ફુટે મારા
ધુપથી શ્વાસ રુંધાય;
ફુલમાળા દુર રાખ પુજારી,
અંગ મારું અભડાય;
ન નૈવેદ્ય તારું આ!
પુજારી પાછો જા !
મંદીરના આ ભવ્ય મહાલો,
બંધાન થાય મને;
ઓ રે પુજારી! તોડ દીવાલો,
પાશાણ કેમ ગમે?
ન પ્રેમનું ચીન્હ આ !
પુજારી પાછો જા!
એરણ સાથે અફાળે હથોડા,
ઘાંટ તણો ઘાડનાર
દીન કે રાત ન નીંદર લેતો;
(ને) નૈવેદ્ય તું ધારનાર?
ખરી તો એની પુજા!
પુજારી પાછો જા
દ્વાર આ સાંકડા કોણ પ્રવેશે?
બહાર ખડી જનતા;
સ્વાર્થ તણું આ મંદીર બાંધ્યું,
પ્રેમ નહી, પથરા;
ઓ તું જો ને જરા !
પુજારી પાછો જા
માળી કરે ફુલ–મહેકતી વાડી,
ફુલને તું અડ કાં ?
ફુલ ધરે તું, સહવા એને
ટાઢ અને તડકા !
એ તો પાપ કે પુજા ?
પુજારી પાછો જા !
ઓરે, પુજારી ! આ મંદીર કાજે,
મજુર વહે પથરા;
લોહીનું પાણી તો થાય
એનું ને નામ ખાટે નવરા !
અરે તું ના શરમા ?
પુજારી પાછો જા
ખેડુતને અંગ માટી ભરાતી,
અર્ધ્ય ભર્યો નખમાં
ધુપ ધર્યો પરસેવો ઉતારી,
ઘાંટ બજે ઘણમાં
પુજારી સાચો આ !
પુજારી પાછો જા !

આ કવીતા મોકલનાર ભગવાનજી રૈયાણી લખે છે, “કૃશણલાલ શ્રીધરાણી ગઈ સદીના એક મહાકવી હતા. ૮૦ વર્શ પર લખાયેલી એમની આ કવીતા આજે પણ એટલી જ પ્રસ્તુત લાગે છે.”

....પરસેવો જ્યારે (અછાંદસ)

પરસેવો જ્યારે વહેલી સવારે
હળે જોતરાય છે ત્યારે
હોકાના ગુડગુડગુડ પરપોટામાં
મરક મરક મલકાય છે.
મોડી સાંજે પરસેવાની ચુકવાય કીંમત.
ને, પરસેવો હરખ હરખ હરખાય છે.
પરસેવાને આજ દીન સુધી ભેદ સમજાતો નથી.
કીંમત અને મુલ્યનો
પરસેવાનું કોઈ સળંગ ભાવી નથી હોતું
ડચકે ડચકે હોય છે.
બચકે બચકે હોય છે.
એના નસીબે, રોજે રોજનું પંચાગ હોય છે નવું.
સાત–આઠ વર્શનો સગીર પરસેવો
ચાની લારી પરના કપ–રકાબીમાં ખખડે છે.
આલીશાન બંગલા માટે ખોદાતા પાયામાં
જુવાનજોધ પરસેવો
ઉંડે ને ઉંડે ઉતરતો જાય છે
પરસેવો, ધોબીની સલાટ પર
ધબ ધબાધબ, ધબ ધબાધબ પટકે માથા.
પછી ટીનોપાલમાં ઝબકોળેલાં હાંફ
સુકવાય રેતી પર,
તે પછી તો
પલાંઠી કાંજીવરણી થાય
પલાંઠી ચણાંક ચોખ્ખાં કપડાં પહેરી
પેઢી પર જાય.
પરસેવો ટગર ટગર જુએ
પરસેવો મૃગજળથી મુખ ધુએ, કારણ કે
ગામ–કુવેથી પાણી ભરવાની તેને મનાઈ છે.
‘હમારી માગે પુરી કરો’ના સુત્રોચ્ચારથી
લાંબી નથી હોતી ઉંમર પરસેવાની.
પરસેવો કાયમ સેવા માટે જન્મે છે
શ્રમ મંદીરોમાં પુજાતી તો હોય છે પલાંઠી જ.
પદ્માસન શું છે ?
પલાંઠીનું છદ્મરુપ.
હાથમાં પાવડો લઈને રોજ સવારે
ખેતરોમાં જીંદગીની નીક વાળતા કે
સાવરણાના એકેક લસરકે જીંદગીને ઉશેટતા
કોઈ એકાદ પરસેવાનું
મુર્તીવીધાન ક્યારે થશે ?
હે ગાંધી,
હે બાબાસાહેબ,
આનો ઉત્તર આપવા
હજી તમારે કેટલીવાર જન્મવું પડશે ?

– ધુની માંડલીયા

[૧૬ નવેમ્બરના પાક્ષીક “દલીત અધીકાર”માંથી સાભાર]

૧૨૦૦ વાળા ૧૦૦માં ૮૧ બાકી

'વી'વેકપંથી'ને વધુ સક્ષમ બનાવવા અને રેશનાલીઝમના પ્રચારમાં વીવીધ આયોજનો માટે પ્રવૃત્તીનો વીસ્તાર કરવા આ વર્શ ૨૦૦૭-૦૮ માટે રુ. ૧૨૦૦/-નાં ૧૦૦ સભ્યો નોંધવાનો વીચાર તો જાહેર કર્યો છે, પણ હજી સુધી તેમાં ૧૯ નામો જ મળ્યાં છે. (રમણીકલાલ પારેખનાં ૧૨ નામો સહીત).

૧૬ નામો ઓકટોબરનાં અંકમાં છપાયા પછી વધુ ત્રણ નામો નીચે પ્રમાણે મળ્યાં છે.

૧૭ પ્રભાબેન પુરોહીત - મુંબઈ રુ. ૧૫૦૦/-

૧૮ એ. કે. વીરાણી - રાજકોટ - રુ. ૧૨૦૦/-

૧૯ બી. કે. પારેખ - મુંબઈ. રુ. ૧૨૦૦/-

જો રેશનાલીઝમને વેગ મળે તેમ ઈચ્છતા હો અને તમે સક્ષમ હો તો આજ જ રુ. ૧૨૦૦/- અથવા તેથી વધુ રકમનો ના નામનો ચેક આ સરનામે રવાના કરો : વીવેકપંથી, તંત્રી ગુલાબ ભેડા, ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા રોડ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઈ - ૪૦૦ ૦૯૩

હીમાલય પર ફ્રીજનું વેચાણ જમાવે તે ખરો સેલ્સમેન, એમ જે કહેવાયું છે તે ખરું છે.

એક સેલ્સમેન આપઘાત કરવા માટે નદીની પુલ પર ચડેલો ફરજ પરના હવાલદારને દેખાઈ ગયો.

હવાલદારે એને અટકાવ્યો."આપઘાત કરવો એ ગુનો છે."

સેલ્સમેને એને આપઘાત કરવાનું કારણ સમજાવ્યું

સવારે નદીના પાણીમાં બે લાસ તરતી હતી. એક સેલ્સમેનની અને બીજી હવાલદારની

★

"તમારા આ સુટનું ફીટીંગ ખુબ સારું છે. મને તમારા દરજીનું નામ-સરનામું આપશો ?

હા, પણ એવી શરતે કે મારાં નામ-સરનામું તમે એને નહી આપો.

★

વકીલ: ડોકટર સાહેબ, તમારો ધંધો આમ તો સારો છે. પણ ક્યારેક તમારી એક ભુલ દર્દીને નીચે કબર ભેગો કરી શકે.

ડોક્ટર: એમ તો તમારી એકાદ ભુલ પણ અસીલને ઉપર ફાંસીના માંચડે લટકાવી શકે.

"ચોરી કરવામાં તું એકલો જ હતો અને કોઈ બીજો સાથી નહોતો એ તું ખાતરીપુર્વક કહે છે ?"

"જી હા, નામદાર ! આજે જમાનો કોઈ પર ભરોસો કરવા જેવો નથી રહ્યો."

★

"ગઈ કાલે સાંજે મેં તારી પત્નીને કોઈ અજાણ્યા પુરુશ સાથે રીક્ષામાં જતી જોઈ."

"તદ્દન ખોટી વાત."

"કેમ ?"

"મારી પત્ની રીક્ષામાં બેસે પછી બીજા માણસ માટે જગ્યા જ નથી રહેતી."

★

અરીસા સામે અડધી કલાકથી ઉભેલા પ્રોફેસરને પત્નીએ ટોકયા

"શું કરો છો અરીસા સામે?"

"યાદ કરું છું."

"શું ? "

"સામેના બેવકુફને મેં કયાંક જોયો હોય એમ લાગે છે.

PRINTED BOOK

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Datta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East),
Mumbai - 400 093.

To,

Printed by REAL PRINT SERVICES, Fort, Mumbai - 400001. • Cell : 93237 31040